## Koli Samaj in Historical Perspective

An International Koli Samaj Conference was held on 24th and 25th December 1989 at Navsari. Shree Arjunbhai Patel, PhD. prepared a Special Report for the conference. This is an important study covering a century (1885-1985) describing the economic, educational, social conditions and status of Koli Samaj in Southern Gujarat. While Mandhata Koli Patel Samaj of Navsari District of Gujarat, (a vast numbers of whom are now residing in various overseas countries) has its own unique story to tell, this Historical Prespective gives a good detailed background of a vastly varied Koli Community of which we are a part. Arjunbhai has divided the century into smaller periods to emphasis the progress made at each stage.
I came across this article printed in newsprint almost in tatters. Not many people have seen this article and realizing that this importantant historical work could be lost forever, I have copied it in digital form with a view to load it on our website for wider study. I have used Gujarati Radhika Fonts and you may find my editing effort is not upto the scratch. My apologies.
Koli Community of Daxin Gujarat is eternally grateful to Dr. Arjun Patel for having chosen this subject for his PhD. thesis.
*( Keshavlal J Patel. London. UK)*

નવનિર્માણ - વિશેષ પૂર્તિ

# આંતરરાષ્ટ્રીય કોળી સમાજ અધિવેશન

# કોળી જ્ઞાતિની અર્થ-સામાજીક સ્થિતિ .. ઐતિહાસિક પરિપેક્ષ્યમાં

**લેખકઃ અર્જુન પટેલ** પી.એચ.ડી.

ગત સૈકા (૧૮૮૫..૧૯૮૫) ના સમયગાળા દરમ્યાન કોળીઓની આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે થયેલા ફેરફારની દસ્તાવેજી પરિસ્થિતિની નોંધ લેતા પહેલાં કોળી જ્ઞાનિતો સંક્ષિપ્ત પરિચય મેળવી લઈશું. ળા પરિચય કોળી વસ્તી, કોળી શબ્દની વ્યુત્પતિ અને અર્થઘટન, કોળીઓની છાપ..ખાસિયત, કોળી દરજ્જો, વિ. બાબતોની આસપાસ રહી તે આપીશું.

**કોળી વસ્તી**

એક સંજ્ઞા તરીકે એકબીજાથી ભિન્ન એવી ઘણી બધી જ્ઞાતિઓને કોળી નામથી ઓળખવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે ભારતભરના કોળીઓમાં ૧૦૪૦ થી વધુ જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓ (ગૌત્ર સહિત) છે. ભારતભરમાં કોળીજાતિ કોક જગ્યાએ અનુસૂચિત જાતિમાં તો કોક જગ્યાએ અનુસૂચિત જનજાતિમાં તો કોક જગ્યાએ 'અન્ય પછાતો' તરીકે ગણના પામે છે. મુંબઈ ઈલાકામાં તેઓ થાણા જીલ્લો, અમદાવાદ, કાઠિયાવાદ અને કચ્છમાં વસતા કોળી લોકો એકબીજાથી ઘણી બાબતોમાં જુદા પડતા હતા.
મુંબઈ ઈલાકા પૂરતી વાત કરીએ તો સને ૧૮૯૧માં ગુજરાત અને કાઠિયાવાડની કુલ હિન્દુ વસ્તીમાં તેઓ ૨૩.૨ ટકા હતા, જ્યારે સને ૧૯૩૧માં ૧૭,૨૯,૦૩૯ વ્યક્તિઓ અઠવા કુલ વસ્તીના ૨૪ ટકા હતા.
ગુજરાતમાં કોળી વસ્તીની આટલી મોટી સંખ્યાહોવા પાછળનું કારણ એવું લાગે છે કે કોઈ પણ જાતના વિશેષ સ્પષ્ટીકરણ વિના માત્ર બધાજ કોળીઓને એક જ સમુહમાં સમાવિસ્ટ કરેલા હોવાથી આવું બન્યું છે. દા. ત. પ્રવર્તમાન દક્ષિણ ગુજરાતનો દાખલો લઈએ તો તેમાં કોળીઓની જુદી જુદી પાંચ પેટા જાતિ હોવા છતાં તેને 'તળપદા' નામક એક જ પેટા હેથળ આવરી લીધેલી છે. આમ વસ્તી સંખ્યાની દ્રીષ્ટએ મહત્વના જુથ તરીકે ગણના પામેલા કોળીઓ વાસ્તવમાં એકબીજાથી ભિન્ન છે. જેથી આપણે આ સ્વાધ્યાય દક્ષિણ ગુજરાતના કોળી પૂરતો મર્યાદિત રાખીશું.

**કોળી વસવાટ**

નિશંકપણે ગુજરાતમાં કોળીઓનો વસવાટ વરસો જુનો છે. ઘણાખરા વિધ્વાનો અને લેખકો કોળી અને આદિવાસીઓને મૂળ રહીશો માને છે. એન્થોવન અને ડો. વિલ્સન કોળી અને ભીલ ગુજરાતના મૂળ રહેવાસી હોવાનું માને છે. બિશપ હેબર કહે છે કે કોળી તથા ભીલ મધ્ય તથા પશ્ચિમ હિંદુસ્તાનના મૂળ વતનીઓ હતા ને વેદધર્મ પાળનારી જાતોના હુમલાથી તેઓને જંગલ, પહાડ કે કોતરોમાં જવું પડલું અને તેથી તેમની દૂર્દશા થયેલી. આવો જ અભિપ્રાય કડી પ્રાંત (૧૯૨૦..૨૧) ના પુષ્તકમાંથી મળી આવે છે. આ પુષ્તકના લેખક શ્રી રાવબહાદૂર હાથીભાઈ દેસાઈ પાન ૧૮૦ પર નોંધે છે કે .. 'ગુજરાતમાં વનરાજના વખતમાં કોળી તથા ભીલ વિના બીજી કોઈ જાતની વસ્તી નહોતી'. શિવપ્રસાદે રોજગારનો અભિપ્રાય પણ આવો જ આપ્યો હતો. તેઓ કહે છે કે 'મેદાનમાં વસેલા મૂળવતનીઓ કોળી તરીકે ઓળખાય છે'. ગેઝેટ અને સેન્સસ પણ ગુજરાતના કોળીઓની ૧૬મી સદી દરમ્યાનની પ્રવૃત્તિઓનું વિગતે છણાવત કરે છે. જે ઉપરથી કહી શકાય કે કોળીઓ ગુજરાતમાં પાંચસો વર્ષ પૂર્વેથી વસતા આવેલા છે. જો કે અગાઉ કલ્યું તેમ જ્ઞાતિના નામ માત્રથી ગુજરાતના કોળીઓનો વસવાટનો ઈતિહાસ દક્ષિણ ગુજરાતના કોળીઓને સીધી રીતે લાગુ પાડી શકાય નહી. તેથી દક્ષિણ ગુજરાતના કોળીના વસવાટ બાબતે અન્ય આધારભૂત સંર્દર્ભનો આધાર લેવો રહ્યો.

દક્ષિણ ગુજરાતના કોળીઓનો વસવાટ પણ ગુજરાતના કોળીઓની માફક નિશંકપણે જૂનો છે. 'તવારીખે નવસારી' ને આધાર તરીકે માની ને કહી શકાય કે હમણા નવસારીમાં જે અનાવિલ કોમ વસેલી જોવા મળે છે તેઓનો વસવાટ કોળીઓ પછી થયો હોવો જોઈએ. 'તવારીખ નવસારી' મુજબ તો કોળી અને દુબળાઓ જ નવસારીના મૂળ વસલહતી હતા. અનાવિલ કોમના અભ્યાસી ક્લાસ વાન વીનન પણ આવું જ માનતા હતા.

**દક્ષિણ ગુજરાતમાં કોળી વસ્તી અને તેનો ફેલાવો**

સને ૧૯૩૧ની સાલમાં સુરત જીલ્લામાં કોળી વસ્તી સંખ્યા ૧,૦૬,૩૨૧ હતી. જે જીલ્લાની વસ્તીમાં છઠ્ઠો ભાગ હતો. કોળીઓની આ વસ્તી સુરત જીલ્લાના આઠ તાલુકા અને નવસારી પ્રાંતના છ તાલુકામાં વહેચાયેલી હતી. સુરત જીલ્લા અને તેને લાગીને આવેલા દેશી રાજ્યોમાં બધા મળીને કોળી વસ્તીના ૭૦૦ થી ૮૦૦ ગામો આસપાસમાં હોવાથી કોળીઓને ગુજરાતમાં ફૂકગૂંથણીએ વરાયેલી કોમ તરીકે ગણના થતી. સુરત જીલ્લાના વાલોડ મહાલ સિવાયના દરેક તાલુકામાં વત્તી ઓછી સંખ્યામાં કોળીઓ વસેલા હતા. સુરત જીલ્લાની હદને અડીને વસેલા વડોદરા અને સચીન સ્ટેટના ગામોના કોળી, સુરતજીલ્લાના કોળી સાથે વ્યવહારિક અને સામાજિક બાબતોમાં સંકળાયેલા હતા.

આજના દક્ષિણ ગુજરાતના ચાર જીલ્લા પૈકી ત્રણ સુરત, વલસાડ, ભરુચ (કેટલોક ભાગ) માં કોળી વસ્તી વત્તી ઓછી સંખ્યામાં રહે છે. મુખ્યત્વે કોળીઓ કાંઠા પ્રદેશમાં હાંસોટથી છેક ઉમરગામ સુધીની દરિયાઈ પટ્ટીના ભાગમાં કેન્દ્તિ થયેલા છે.

એક અંદાજ પ્રમાણે દક્ષિણ ગુજરાતના તાલુકાઓ પૈકી ૨૧ તાલુકાઓમાં બધા મળીને ૯ લાખ કોળીઓ છે. આ તાલુકાઓ છે... ઓલપાડ, ચોર્યાસી, નવસારી, ગણદેવી, વલસાડ, ચીખલી, પારડી, ઉમરગામ, બારડોલી, માંડવી, માંગરોળ, મહુવા, અંકલેશ્વર, હાંસોટ, ઝગડિયા, પલસાણા, નિઝર, વ્યારા, કામરેજ, વાલોડ અને ધરમપુર.

આમ દક્ષિણ ગુજરાતના કોળીઓ ખંતીલા, સાહસિક, રાષ્ટવાદી, કર્તવ્યપરાયણ, બહાદૂર વગેરે ગુણો ધરાવે છે. _ આ દક્ષિણ ગુજરાતના કોળીઓની છાપ ખાસિયત વિશેની એક બાજુ થઈ બીજી બાજુ આનાથી વિપરિત હતી.

**કોળી દરજ્જો**

દક્ષિણ ગુજરાતનાં કોળીને ગુજરાત સરકારશ્રીએ તેના મજૂર સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગમાં તા. ૧. ૪. ૧૯૭૮ના રોજ ઠરાવ, બી. સી. આર. ૧૦૭૮ ૧૩૭૩૪ હ, અન્વયે કોળીઓને આર્થિક, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે માન્યતા આપેલ છે. આમ, (દક્ષિણ ગુજરાતનાં કોળીને ગુજરાત સરકારશ્રી મધ્યમકક્ષાના દરજ્જામાં મૂકે છે જ્યારે કેટલાક કોળીઓ દંતકથા કહીને પોતે મૂળ ક્ષત્રિય વશંજના રાજપુતો હતા હોવાનું કહે છે). સામાન્યપણે દક્ષિણ ગુજરાતની ઉપલી કોમો કોળીઓની ગણતરી હલકી કોમ તરીકે જ કરે છે. વાતચીત અને તેમના વ્યવહાર અને વર્તનમાં આ બાબત સ્પષ્ટ થયા વિના રહેતી નથી.

આઝાદી પૂર્વે કેટલાક શિક્ષિત કોળી ઉપલી કોમના લોકો ધ્વારા નીચાજોણા વ્યવહાર વર્તનને ટાળવા લડાયક બની પ્રતીકાર કરવા કરતાં તેમને ત્યાં ખાણીપીણીના પ્રસંગો રાખવાનું પસંદ કરતા. હજુ પણ અનાવિલો કોળીઓને માનપાનથી બોલાવવાને ટેવાયા નથી.

અગાઉ કહ્યું તેમ દક્ષિણ ગુજરાતના કોળીઓ મધ્ય ગુજરાતના કોળીઓની સંર્દભમાં ઉચા ગુણો ધરાવતા હોવા છતાં હાલની સંજ્ઞા માત્રથી એક માનીને તેની સાથે નીચાજોણો વ્યવહારવર્તન કરાતો. સૌરાષ્ટ્રમાં વસતો પાટીદાર ત્યાં વસતા કોળી પ્રતિ હલકી કક્ષાનું વ્યવહારવર્તન કરે છે એવું જ દક્ષિણ ગુજરાતના કોળી પ્રત્યે કરે છે.

સૌરાષ્ટની માફક વડોદરા, કાઠિયાવાડ, અમદાવાદ વિગેરે સ્થળોએ પણ કોળી નામ માત્રથી નીચાજોણો વ્યવહાર કરવામાં આવે છે.

**કોળી વિશેની છાપ .. ખાસિયત**

ગુજરાતનો કોળી સાહિત્ય અને ગ્રંથોમાં તેની ખાસિયત માટે વગોવાયેલો છે. સેન્સસ અને ગઝેટિયરે કોળીઓની ચોરી લૂંટફાટ કરવાની પ્રવૃત્તિને કારણે તેમને 'ગુનેગાર' તરીકે ઓળખાવ્યો છે. સને ૧૮૩૫ની સાલમાં બ્રિટિશરોએ કોળીઓની ગુનેગારી અને લડાયક પ્રવૃત્તિને ડામવા માટે ખાસ કાયદો બનાવવાની ભલામણ કરી હતી. જેના અમલ રૂપે સને ૧૯૧૧ની સાલમાં મધ્યગુજરાતના ૫૫ ગામના બારૈયા અને પાટણવાડીયાઓને ગુનેગાર ગણી આ દરેક ગામના ૬ વર્ષથી ઉપરની ઉમરના તમામ કોળીઓને ગામના મુખી પાસે રોજેરોજ હાજરી પૂરાવવી ફરજિયાત હતી. 'સૌરાષ્ટની રસધાર' નામક નવલકથામાં પણ કોળીઓની ગુનેગારી પ્રવૃત્તિને કારણે બહારવટિયા તરીકેના પાત્રો અપાયા છે. 'ક્રિમિનલ ટ્રાઈબસ ઓફ ઈન્ડિયા' માં પણ ગુનેગાર તરીકે કોળીકોમનો ઉલ્લેખ મળે છે. આજે પણ કોળી એટલે 'ચોર, લુટારો અને ડાકુ' એવું સમીરકણ (ખાસ મધ્ય ગુજરાતમાં) પ્રવર્તે છે.

કોળીઓની ગુનેગારી પ્રવૃત્તિઓ વિશે ગેઝેટ અને સેન્સસમાં કોઈ ઉલ્લેખ થયો નથી પણ ૧૯મી સદીના અભ્યાસુ એલીસ ક્લાર્ક કોળીઓની ગુનેગાર પ્રવૃત્તિઓ માટે કોળીઓને જવાબદાર ન લેખાવતા તે વખતની સામાજિક પરિસ્થિતિને કારણભૂત લેખાવી કોળીઓને નિમિત્ત માત્ર ઠેરાવ્યા. તેમના મત પ્રમાણે ઉપલી કોમના ગરાસિયા અને પાટીદાર જમીનદારો દ્વારા ગરીબ કોળીઓના થતા અમાનુષી શોષણ અને દમનને કારણે કોળીઓને તેના વિરોધરૂપે લડાયક બનવાની ફરજ થઈ પડી હતી. ઈતિહાસકાર ડેવીડ હાર્ડિમેનનો પણ મધ્ય ગુજરાતના કોળીઓની ગુનાહિત પ્રવૃત્તિ માટે આવોજ મત હતો. એટલું જ નહી તેઓ તો એટલે સુધી કહે છે કે બ્રિટિશ સરકારે કોળીઓની લડાયક પ્રવૃત્તિને અંકુશમાં લે તેવા કાયદાઓનું કડક પણે પાલન કરીને આખરે તો શ્રીમંતો અને શાહુકારો દ્વારા થતા ગરીબ કોળીઓના શોષણને ઢાંક્યું હતું.

આમ, ચોકક્સ વૈજ્ઞાનિકપુર્ણ ઐતિહાસિક માહિતીના અભાવે ગુજરાતના કોળી સાહિત્ય અને ગ્રંથોમાં વગોવાયેલો ચાલુ રહેવા પામ્યો છે. સેનસસ અને ગેઝેટ જેવા આધારભૂત ગણાતા ગ્રંથો પણ આ અસરથી દૂર રહી શક્યા નથી. આ અંગે વધુ સંસોધનો ઈચ્છનિય છે.

દક્ષિણ ગુજરાતના કોળીઓની છાપ ખાસિયત અંગે મિશ્ર મતો રહેલા છે.

સવંત ૧૯૮૦ (૧૯૨૪)ના એક રિર્પોટમાં ઓલપાડ તાલુકાના કોળી વિશેનો ઉલ્લેખ આવો હતો. 'ઓલપાડ તાલુકામાં કોળીઓની વસ્તીનો મોટો સમૂહ છે. ગુજરાતના બીજાભાગોની માફક અહિના કોળીઓ ગુનાહિત પ્રવૃત્તિવાળા નથી. તેઓ શાંતિચાહક અને સારુ વર્તન કરનારી રૈયત છે. તેઓ ખેતી દ્વારા નિભાવ કરી શકે છે. અહિના કોળી સભ્ય સમાજને છાજે તેવું આબરુદાર ધોતિયું પહેરે છે. અને ઈંટરા કાચા મકાનમાં રહે છે.' બીજા એક રિર્પોટમાં દર્શાવ્યા મૂજબ જલાલપોર તાલુકાના કોળીઓ જાણીતા અને મહેનતુ હતા કણબી ખેડૂતોની માફક તેઓ પણ તેમના ખેતરનું સારી રીતે સંચાલન કરી જાણતા.

દક્ષિણ ગુજરાતનાં કોળીને સંર્દભમાં ધુર્યેનું પણ સારી છાપ તેઓ તેમના પુસ્તક (૧૯૬૩) 'ધ મહાદેવ કોલીઝ ઓફ બોમ્બે' માં લખે છે.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી એવું તારણ નીકળી શકે કે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કોળીઓના ઈતિહાસ અલગ અલગ છે. મધ્ય ગુજરાતની સરખામણીમાં દક્ષિણ ગુજરાતના કોળીઓની છાપ પ્રથમથી જ 'સારી' હતી.

તેમાંય સૂરત જિલ્લાના તળપદા કોળીઓની તો છાપ શ્રેષ્ઠ પ્રકારની હતી. તળપદા કોળીઓ બુધ્ધિશાળી અને સખત મહેનત મજુરી કરનારા ખેડુત છે. એવું સુરત ગેઝેટિયરે (૧૮૭૭) તેના પા. ૧૯૩ પર નોધ્યું હતું. ભરુચ અને સુરત જિલ્લાના કોળીઓની સંર્દભમાં એન્થોવનનો મત પણ આવો જ હતો. કોળીઓ તો બળિયા છે એવું મહાત્મા ગાંધીએ પણ એકવાર કહેલું. ગાયકવાડી સમયમાં નવસારી પ્રતિના કોળીઓ અનાવિલો માટે જરુર પડયે પિંઢારાઓ સામે લડી

શકતા અને તેઓની તાબેદારી અને નોકરી હરખથી ઉપાડવાને તૈયાર રહેતા. 'તવારીખે નવસારી' માં સો. મ. દેસાઈએ આવા કેટલાક દાખલાઓની નોંધ લીધી હતી.

દક્ષિણ ગુજરાતનાં કોળીઓની ખરી શક્તિને અંગ્રેજ અમલદારો પિછાણી શક્યા હતા. તેઓએ કોળીઓને 'જન્મજાત ઈજનેર' તરીકે બિરદાવ્યા હતા. બાંધકામ ક્ષેત્રે તો કોળીઓની હાક વાગતી હતી. 'પટેલ' દક્ષિણ ગુજરાતના કોળીઓની અટક નામ માત્રથી કોળીઓને અંગ્રેજો નોકરી ધંધે રાખી લેતા તેવી છાપ કોળીઓ ધરાવતા હતા. બાંધકામ ક્ષેત્રે કોળીઓની પ્રમાણિક્તા અને ઉધમ પરાયણતા દર્શાવતા અંગ્રેજ ઈજનેરોએ પ્રમાણપત્રો આપેલ છે.

રાષ્ટ્રીય આઝાદીની ચળવળમાં પણ દક્ષિણ ગુજરાતના કોળીઓએ જાનની ફીકર કર્યા વિના ભાગ લીધો હતો. રાષ્ટ્રીય આઝાદીની ચળવળમાં ૧૯મી સદીના ઉતરાર્ધથી દક્ષિણ આફ્રિકા ગયેલા કોળીઓએ સાથ આપ્યો હતો. એ માટે જેલવાસ પણ કેટલાક કોળીઓએ પણ વેઠયો હતો. ઈતિહાસ મશહુર કરાડી, મટવાડ (તા. નવસારી) માં રાષ્ટ્રીય આઝાદીની લડતમાં ત્રણ કોળી વીરો શહીદ થયા હતા તેમનું સ્મારક પણ મટવાડમાં જોવા મળે છે. દક્ષિણ ગુજરાતનાં કોળી પટેલ કોમનો રાષ્ટ્રિય આઝાદીની ચળવળનો ઈતિહાસ કેટલાક કારણોસર બહાર આવ્યો નથી જે માટે સંશોધનને અવકાશ છે. (એ હવે 'સ્વાતંત્ર સંગ્રામના સંભારણા' નામે પ્રગટ થયો છે). આમ દક્ષિણ ગુજરાતનાં કોળીઓ ખંતીલા, સાહસિક, રાષ્ટ્રવાદી, કર્તવ્યપરાયણ, બહાદુર, વગેરે ગુણો ધરાવે છે.

**કોળીઓની આર્થિક સ્થિતિ**

હવે આપણે તબક્કાવાર કોળીઓની આર્થિક સ્થિતિ તપાસીશું.

પ્રથમ તબક્કો .. સમયગાળો સને ૧૮૮૫ થી ૧૯૨૫

પાછલી સદીના ઉત્તરાર્ધથી જ કોળીઓ વિવિધ ધંધામાં રોકાયેલા હોવાના સંકેતો મળે છે.

**ખેડૂત તરીકે**

પ્રણાલિકાગત રીતે કોળીઓ ધંધે 'ખેડૂત' તરીકે ગણના પામેલા હતા. આમ છતાં દરેક કોળી પાસે પોતાની માલિકીની ખેતીની જમીન નહોતી. સને ૧૯૧૯(સવંત ૧૯૭૫)ના આંકડા પ્રમાણે નવસારી તાલુકામાં ફક્ત ૨૦૨૩ કોળી ખાતેદારો હતા. જેમાંના મોટાભાગના કોળી ખાતેદારો નાના કે સિમિત પ્રકારના ખેડૂતો હોઈ સાથે કે ગણોતે જમીન ખેડતા. આ જમીન અનાવિલો અને કણબી, પાટીદાર જેવી ઉપલી કોમના લોકોની હતી. ખેડૂત તરીકે કોળીઓ મહેન્તુ જરુર હતા. જલાલપોરના એક અહેવાલમાં જણાવ્યા પ્રમાણે 'કોળીઓ કણબીની માફક મહેન્તુ હતા અને તેમના ખેતરનું સંચાલન સારી રીતે કરતા હતા.

સંવત ૧૯૭૩નાં 'કોળી સુબોધ' નામક જ્ઞાતિમાસિકમાં જણાવ્યા પ્રમાણે ચાલુ સદીના પ્રથમ પચીસી દરમ્યાન બહુધા કોળી ખેડૂતો ગરીબ હતા. 'હિન્દુસ્ત ાનમાં ખેતી કરનારી બીજી કોઈપણ કોમ કરતાં કોળી નિર્ધનમાં ગણાવી હતી. જેઓના સેંકડે ૨૫ ઘર સારી રીતે પોતાનો સંસાર વ્યવહાર બરાબર ચલાવતો બાકીનો મોટો સમૂહ દુ;ખી અવસ્થા ભોગવતો હતો.

**કોળી ખેડૂતોની દેવા .. વિષયક સ્થિતિ**

ડી. ડી. સી. રિર્પોટ ૧૮૮૬..૯૯માં નોંધ થઈ છે તે મુજબ કોળી ખેડૂત મહેન્તુ હતો સાથો સાથ દેવાદાર પણ હતો. તેઓની સારામાં સારી જમીન શાહુકારોને ત્યાં ક્યાં તો ગીરો મુકાઈ હતી ક્યાં વેચાઈ ગઈ હતી. આ શાહુકારો ઉપલી જ્ઞાતિના હિન્દુ બિન કોળી અને પારસીઓ હતા. નવસારીમાં જાહેર થયેલ શાહુકારો પૈકી હિન્દુઓમાં વાણિયા, શ્રાવકો ત્યાં પારસીઓ હતા. બીજા નાના શાહુકારો તો ઘણા હતા જેમાના જૂજ સંખ્યામાં કોળીઓ પણ હતા.

આ શાહુકોરોએ કોળી અને અન્ય નીચલી કોમના લોકોનું અમાનુષી શોષણ કર્યુ હતું. ઓલપાડ તાલુકાના ઘણા ગામોમાં શાહુકોરોએ કોળી અને રજપૂત ગણોતિયાઓ પાસેથી જમીનનો માલિકી હકક આંચકી લઈને તેમને દયા પર જીવતા કરી દીધા હતા. ઓલપાડ તાલુકાના ખાસ કરીને ઉત્તર અને પશ્ચિમ ભાગે વસતા કોળીઓની મોટા ભાગની જમીન શાહુકારોના હાથમાં હતી. જમીન માલિક તરીકે તેઓ પોતાને યોગ્ય લાગે તેટલો હિસ્સો આપતા અને દર વર્ષે તે ઉત્પાદનનો મોટો ભાગ શાહુકારો લઈ જતા અને કોળીઓ વતી જમીન મહેસૂલ ભરી દેતા.

જો કે ગાયકવાડી સરકાર કે બ્રિટિશ સમયમાં જ કોળીઓ શાહુકારોના ભોગ બન્યા હતા એવું નહોતું. આ પહેલા પણ ગરાસિયાઓએ કોળીઓને રંજાડેલા. નક્કી કરેલ રકમ કરતાં વધારે ગરાસ ઊઘરાવી દેસાઈ (અનાવિલ) તથા ગરાસિયાના માણસો વહેંચી લેતા. ગરાસ આપવાની ના પાડતા તો તેમના (કોળીઓના) ઘાસના કૂદવા સળગાવી

મૂકતા તેમજ તેમનો પાક ઉભોને ઉભો બાળી મૂકતા. જાત જાતનો ને ભાત ભાતનો કર નાંખતા. માત્ર આર્થિક ક જ નહી પણ શારીરિક શોષણનો પણ કોળી સહીતની અન્ય નીચલી કોમના લોકો ભોગ બનેલાના દાખલાઓ હતા.

આમ, સંસ્થાનકાળમાં દક્ષિણ ગુજરાત અને તેમાંય ખાસ કાંઠાપ્રદેશનો કોળી ખેડુત જમીનની હલકી ગુણવત્તા અને શાહુકારોના શોષણને કારણે ગરીબ રહેવા પામ્યો હતો. જેને કારણે તેઓને ખેતી સિવાયના ધંધા શોધવાની વર્ષોપૂર્વેથી જ જરુરિયાત ઉભી થઈ હતી.

આ જરુરિયાત તેઓએ તાત્કાલિક નજીકમાં પ્રલબ્ધ એવા ધંધાઓમાંથી સંતોષી. પરંપરાગત રીતે કાંઠાપ્રદેશના કોળીઓ નજીકના દરિયામાં ખેતમજૂરી, વહાણવટુ, માછીમાર, ખજુરા, તાડ છેદન કરવું વગેરે આર્થિક પ્રવૃત્તિઓ કરતા. આ ઉપરાંત કેટલાકે કામધંધાર્થે દેશવિદેશના શહેરોમાં પણ પ્રયાણ કર્યુ હતું.

**ખેતી સિવાયના ધંધા**

પરંપરાગત રીતે ગુલામ કોળીઓ અનાવિલોને ત્યાં વંશપરંપરાગત નોકર તરીકેનું કામ કરતા.

સને ૧૯૩૯માં બીજી આવૃત્તિ રુપે પ્રગટ થયેલ 'તવારીખે નવસારી' માં કોળીઓની હાળી તરીકેની સ્થિતિનો એક ઉલ્લેખ 'હાળી ધણિયાણામાં' હેઠળ થયો હતો તે મુજબ.. 'ભીલ, કોળી, દુબળા વગેરે 'હાળી' તરીકે રહે છે. તેઓ પોતાની જાત મહેનત ગીરો મૂકી ૧૦૦..૨૦૦ રુપિયા ખેડુતને ત્યાંથી ઉપાડે છે. બદલામાં તે આખુ વરસ પોતાના માલિકને ત્યાં ખેતીની મજુરી કરે છે. કેટલાક ઠેકાણે ગામમાં પોતાને ઘર રહે છે. તેઓ આખો દહાડો ખેતરમાં કામ કરે છે તેના બદલામાં મરદને ચાર શેર ભાત ખેડુત આપે છે. શેઠને ત્યાં કામ ન હોય ત્યારે હાળીઓ બીજાને ત્યાં મજુરી કરવા જઈ શકે છે. જ્યારે બીજાને ત્યાં મજૂરી કરવા જાય ત્યારે શેઠને ત્યાંથી ખાવાનું મળતું નથી. શેઠ હાળીને પરણાવી પણ આપે છે. તે પરણાવ્યા પછી પરણીત સ્ત્રીનો ધણિયાણો જો જુદો હોય તો પોતાના ધણિયાણાને ત્યાં કામ કરવા જાય છે. હાળી મરી જાય અને પત્ની નાતરુ કરે તો તેને જુના ધણીના ધણિયામાં સાથે સંબંધ રહેતો નથી, પણ તેનો છોકરો હોય ત્યારે તેના બાપની જગ્યાએ કામ કરવું પડે છે. ખેડુત અને હાળીને કેટલીક વખત સંબંધ બહું સારા રહે છે. એ સંબંધ ઘણી વખત વંશપરંપરાગત કાયમ રહે છે.

બીજી નોંધ 'મોર્ગેજ મજુરી' હેઠળ થઈ હતી તે નીચે મુજબ હતી .. 'નવસ ારીમાં જ નહી પણ આખા નવસારી પ્રાંતમાં 'મોર્ગેજ મજુરી' યાને ધારેણે મૂકેલી મજુરી ચાલતી. જેને મી. એલ્યરે મોર્ટગેજ લેબર કહેલી છે. દેસાઈ (અનાવિલ) ઓ કોળીના છોકરાને પરણાવતા અને તે છોકરાઓ નાનપણથી જ દેસાઈને ત્યાં મફતમાં મજૂરી કરતા અને ભથ્થું લેતા. તેઓ 'કોળીના પોરાઓ' 'ગોલાઓ' વિ. સંજ્ઞાથી ઓળખવામાં આવતા. જે મોર્ગેજ મજુરી કરતા તેવા ૨૦૦..૩૦૦ કોળીઓ તે 'દેસાઈનું લશ્કર' ને નામે ઓળખાતા અને કામ પડયે પિંઢારાઓની સામે લડી શકતા. તેઓ ખાઈને મસ્ત રહેતા. દેસાઈની તાબેદારી અને નોકરી હરખથી ઉપાડવાને નિમક હલાલથી જીવ આપવા તત્પર રહેતા.

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં તો અનાવિલ જમીન માલિક કોળી ખેત મજૂરોને નજીવી રકમના બદલામાં આજન્મ ખરાધાનું 'ગુલામી ખત' પણ લખાવી લેતા.

જો કે વીસમી સદીના પ્રથમ ચતુર્થ ભાગમાં ગુલામ કોળીઓની આજીવન ચાકર રહેવાની સ્થિતિમાં સુધારો થવા પામ્યો હતો. સને ૧૯૨૧માં ગુલામોની સ્થિતિ વિશે કોળી લેખક જીવણજી દુલ્લભ લખે છે કે 'હાલમાં તો કેરવણીના પ્રભાવે અને નામદાર બ્રિટિશ સરકારની કૃપા ભરેલી રાજ્ય પધ્ધતિને

લઈને આપ ખુદી સત્તા ચલાવનારી સત્તા ભસ્મીભૂત થયેલી છે. જેથી આ વર્ગ (ગુલામ કોળીના સંદર્ભમાં) હવે તદદન ગુલામીમાં તો રહ્યો નથી પણ ગુલામીનો અંશ માત્ર અનાવિલોને ત્યાં લગ્ન ગીતો ગાવા જવાના દાખલા ઉપરથી રહી ગયેલો જોવા મળે છે.

આમ, સને ૧૯૨૫ સુધીમાં ગુલામ કોળીઓ ગુલામ મટીને મુક્ત મજુર તરીકે (ફ્રી લેબર) થયા. આમ છતાં મજુર તરીકે તેઓની સ્થિતિ ગરીબ જ રહી હતી. જેનું મખ્ય કારણ મજુરીના બદલામાં ચૂકવાતો નીચો વેતન દર અને સત્તાવાળાઓની ખામી ભરેલી નીતિ જવાબદાર હતી.

**વહાણવટાના ધંધામાં**

સને ૧૮૫૩માં મુંબઈ..વડોદરા રેલ્વે શરુ થઈ તે પહેલાં ડુમ્મસ..ભીમપોર (તા. ચોર્યાસી) થી મેધરભદર (તા. ગણદેવી) સુધીના કાંઠા પ્રદેશમાં વસતા ખેડવાયા અને મનિયા કોળીઓમાં વહાણવટાનો ધંધો ખુબજ પ્રચલિત હતો.

તે વેળા (સને ૧૮૮૫) એ સુરત બંદરે ચોર્યાસી બંદરોના વહાણના વાવટા ફરકતા અને સમુદ્રમાર્ગે ધીકતો વેપાર ચાલતો.

વાંસી, બોરસી, ઉભરાટ, દાંડી, સામાપોર, ઓંજલ, સુલતાનપુર, ડુમ્મસ, સુવાળી, સુરત, વરિયાવ, અને કોળી વસ્તીવાળા દક્ષિણ ગુજરાતના કાંઠા પ્રદેશના ગામોમાં નાના મોટાં બંદરો હતાં. આ બંદરેથી દારુ..તાડી, લાકડા, અનાજ, નાળિયેર વગેરે ચીજવસ્તુંઓની દેશદેશાવર હેરફેર થતી. છેક કાલિકટ, જાવા, સુમાત્રા, શ્રીલંકા, મલાબાર, સીગાપોર સુધી અને પશ્ચિમે અબિસિનિયા તથા ઈજિપ્ત સુધીની ખેપ કરતા.

જો કે મુંબઈ..વડોદરા રેલ્વે સને ૧૮૫૩માં શરુ થતાં વહાણવટાંનો ધંધો ક્રમિક રીતે ઘટવા પામ્યો. આમ છતાં સને ૧૯૨૧ સુધી કોળીઓનો વહાણવટાનો ધંધો છેક નાશપામ્યો ન હતો.

વહાણવટાના ધંધામાં મોટેભાગે કોળીઓ ખલાસી તરીકે માલ ચઢાવવા ઉતરાવવાનું કામ કરતા. વહાણોમાં મોટા મોટા લોખંડના ગર્ડર્સ કે લાકડા ચઢાવવાના કામમાં નિપુણ હતા. આ કામ માટે દૂર દૂરના સ્થળથી પણ કોળીઓને બોલાવવામાં આવતા. કેટલાક વહાણોના સુકાની તરીકે પણ કામ કરતા. વહાણવટાના ધંધામાં માછી ભેગા કામ કરતા કોળીઓને ટંડેલ કે ‘સારંગ’ તરીકે પણ સંબોધવામાં આવતા.

**માછીમારનો ધંધો**

માછીમાર એ કોળીઓનો યુગ જૂનો ધંધો છે. મુંબઈમાં તો કોળી કહો એટલે માછીમાર તરીકે જ ગણના થાય. ત્યાં વસતા સોન કોળી અને મહાદેવ કોળીઓનો પરંપરાગત વ્યવસાય માછીમાર તરીકેનો છે.

દરિયો નજીક હોવાને કારણે માછીમારના ધંધામાં વિપુલ શક્યતા હતી. આથી કાંઠા પ્રદેશના કેટલાક ગરીબ કોળીઓએ વ્યાપારી ધોરણે માછીમારનો વ્યવસાય અપનાવ્યો હતો. મચ્છીમારનો વ્યવસાય અને વહાણવટાનો ધંધો દક્ષિણ ગુજરાતના કોળીઓમાં એટલો બધો વ્યાપક બન્યો હતો કે ‘કોળી’ અને ‘માછી’ બન્ને ધંધાભાઈઓ ગણાતા. છેક હાંસોટથી લઈને પારડી..ઉમરગામ સુધીના કાંઠા પ્રદેશના કોળી ગામોમાં મચ્છીમારીનો ધંધો વ્યાપક બન્યો હતો.

સને ૧૯૨૫ સુધી માછીમારનો ધંધો કોળીઓમાં પ્રચલિત હતો. આ ધંધાના જરુરી સાધનો જેવાં કે જાળ, છોગીયા, ગલ વગેરે સાધન ઘરે રાખતા. મચ્છીમાર તરીકે તેઓના ઘરો તથા શરીર ગંધાતા રહેતા. મચ્છીમારી કરતા કોળીઓમાં ધંધાની અસ્થિરતા ભારોભાર હોવાને કારણે બહુજન માછીમારી કરનારાઓ ગરીબ હતા.

**ખજુરા અને તાડ છેદવાનો ધંધો**

તાડ છેદનારા તે તરવાડા કહેવાતા. તરવાડા તરીકેનો ધંધો નવસારી..ગણદેવી તાલુકાના કાંઠા પ્રદેશના ગામોમાં ખુબજ પ્રચલિત હતો. નવસારી તાલુકાના પેથાણ, અબ્રામા, ચીજગામ, પનાર, કનેરા વગેરે એકમ વિસ્તારના ગામોમાં એકપણ ખેડવાયા કોળી કુટુંબ એવું ન હતું કે જેણે તરવાડા તરીકે કામ ન કર્યુ હોય. તરવાડાના ધંધામાં રોકાયેલા કોળીઓની સ્થિતિ નીચેના ટાંચણ પરથી વધુ ખ્યાલ મળશે. ‘આ કામ (તરવાડા તરીકેનું) આઠથી દશ મહિના ચાલે છે. કાંઠા વિભાગના ઘણા (કોળીઓના સંદર્ભમાં) આ તરવાડાનો ધંધો કરે છે. ખાસ કેટલાક તરવાડાના ધંધામાં જ જીવન વહેવાર ચલાવે છે. પગાર મહિને ૧૦..૨૦..૨૫ રુપિયા. તેથી વધારે કવચીત જ મળે. મજુરી કે ચાકરી કરતાં તે ઉત્તમ નથી. આ ધંધો એ વંશ પરંપરાનો થઈ પડેલો છે. આ ધંધો કરનાર ભાઈઓ દરેક પોતાના ગામમાં રહે એમ નથી પણ દૂર દૂરના ગામો જ્યાં જ્યાં ખજુરી અને તાડ જથ્થાબંધ હોય ત્યાં ત્યાં જાય છે. તાડી વેચવાનો ધંધો ખાસ કરીને પારસી ભાઈઓના હાથમાં છે. તેથી તરવાડાઓ પારસીભાઈઓના જ નોકર છે એમ કહીએ તો ચાલે. કેટલેક ઠેકાણે જ્યાં ખજુરી અને તાડ ખુબ હોય ત્યાં તરવાડાના બાયડી છોકરાંએ પારસી ગૃહસ્થને ત્યાં વાસણ..પાણી કરવા ગયેલા હોય છે. આ ઉપરથી ઘણાં કુટુંબો પારસી કોમને તાબે થઈ ગયેલા છે.

જૂજ સંખ્યામાં કોળીઓ પણ તાડીના પીઠાના માલિક હતા. માલિક તરીકે તેઓની કમાણી ઉંચી રહેતી એ કહેવાની ભાગ્યેજ જરુર હોય. તાડીના પીઠાના આ માલિકોનું ગામ તેમજ પોતાના જ્ઞાતિ સમાજમાં વર્ચસ્વ રહેતું.

તરવાડનું કામ કસબવાળું ગણાતું. તાડ કે ખજુરીનું ઝાડ મરવું ન જોઈએ અને તેમાંથી નિયમિત તાડી નીકળવી જોઈએ. એ રીતે છેદન કરવાના કામમાં કૌશલ્ય જરુરી હતું. વળી તાડ કે ખજુરીના ઉંચા ઝાડ ઉપર ચઢીને છેદન કામ કરવું કે તાડી ઉતારવી તે પણ જોખમ ભરેલું કામ ગણાતું. તરવાડાનું કામ જોખમવાળું કસબ માંગી લેનારું હોવા છતાં તેમને અપાતા વેતનનો દર નીચો હતો.

તરવાડાના ધંધામાં અહીના પારસીઓ ઈંદોર, ઉત્તરપ્રદેશ, નાગપુર, અયોધ્યા, બનારસ, અલીજપૂર, ઈટારસી, વર્ધા વગેરે દુર દુરના પ્રાતોમાં કોળીઓને લઈ ગયા હતા.

### જીન અને વણાટકામના કારખાનામાં મજુર તરીકે

પાછલી સદીમાં દક્ષિણ ગુજરાતના પ્રદેશ ઔધ્યોગિક દ્રષ્ટિએ પછાત હતો. તે વખતે ઉધ્યોગમાં મુખ્યત્વે કપાસની જીન અને કાપડની મિલો હતી. આ જીનને જરુરી કાચો માલ કપાસ (મુખ્ય રોકડયો પાક) દક્ષિણ ગુજરાતના પ્રદેશમાંથી મળી રહેતો.

૧૯મી સદીના ઉત્તરાર્ધથી કોળીઓ જીન અને વણાટકામની મિલોને કારણે ઉભી થયેલી તકનો લાભ લેતા. સન ૧૮૬૬માં મીર જરુર અલી મિલ અને જૂન ૧૮૭૬માં મરિ ગુલામ બાબા ફેકટરી શરુ થયેલી. જેમાં પીજવાનું અને વણાટકામમાં વણકર તરીકે મુસ્લીમો, મરઠા ભેગા કોળીઓ હતા.

સન ૧૯૨૫ સુધી જીન અને વણાટકામનો ધંધો કોળીઓ કરતા હોવાનો હેવાલો મળે છે. જીનમાં કામ અંગે મહત્વની બાબત એ હતી કે તેમાં કોળી સ્ત્રીઓ પણ કામ કરતી. આ કામ નવસારી અને ગણદેવી તાલુકાના કાંઠા પ્રદેશની કોળી બહેનોમાં પ્રચલિત બન્યું હતું.

જીન ગામી કોળી સ્ત્રીઓ તેમના કામની પરિસ્થિતિ, કામના કલાક, તેમને મળતું વેતન વગેરેનો ખ્યાલ નીચેની નોંધમાંથી વધું સ્પષ્ટ થશે. 'તેમને (જીનગામી બહેનોને) કેદખાના જેવા તબેલાઓ ત્યાં રહેવા આપે છે. કોક જગ્યાએ માંડવા બનાવી આપવામાં આવે છે. પરંતું રહેનારાની સંખ્યાના પ્રમાણમાં તેનું ક્ષેત્રફળ બહું જ નાનું હોય છે તેથી ઢોરની જેમ તેઓ પડી રહે છે. તેઓ પાસે પંદરથી સોળ કલાક કામ લેવાય છે.. તેને પરિણામે બહેનોના શરીર ભાંગી જાય છે.. એક બાજુ શરીરની મર્યાદા જળવાતી નથી તો બીજી બાજુ ચરખા પર કામ કરનારાઓને કપાસમાં બેસી રહેવું પડે છે અને રુ ની ઝેણ ઉડી નાક દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. ફેફસાં નો બગાડ અને તેમાંથી ક્ષય જેવા રોગોના મૂળ નંખાય છે. બહેનોના શરીરનું શોષણ થતાં લાંબા સમય તાવની બીમારી ભોગવતી હોય છે. ઘણી બહેનો પોતાના વજન ઘટાડીને આવે છે.. કેટલીક શરીરે નિસત્વ થઈને આવે છે. જીનમાં મજુરીના દર બહું ઓછા હોય છે. આવા ઓછા દરે પણ બહેનો મજુરી કરવા જાય છે એ બતાવે છે કે એમની આર્થિક સ્થિતિ નબળી છે.. સામાન્ય રીતે ચરખા પર કામ કરનારને પાંચ આના રોજ આપવામાં આવે છે. કપાસયાના ટોપલા ઉચકનારી બહેનોને છ આના અને કપાસની ગાંસડીઓ જીનમાં લઈ જનારને આઠ આના અપાય છે. પંદરથી સોળ કલાક સતત મજુરીને અંતે પાંચ આના જેવી રકમ મળે એ બહું જ ઓછી કહેવાય. છતાં ત્યાં બહેનો જાય છે કારણ કે તેમને પૈસાની જરુર છે અને બધાને સતત મજુરી મળતી નથી.'

જીનની માફક કેટલાક ગરીબ કોળીઓ વણાટકામના કારખાનામાં વણકર તરીકેનું કામ કરતા.

### રેલ્વે, પુલો, સડકો બાંધવા અને સ્ટીલ પ્લાન્ટમાં ઈરેકશન કામ

અંબીકા અને મિંઢોળા નદીના પટા વચ્ચે સમુદ્ર કિનારાના ગામોમાં સમુદ્રનાં ખારા પાણીને લીધે ખેતીની શક્યતા નહિવત રહેતા રોજી..રોટી મેળવવાનું સાધન તરીકે ઉપરોક્ત કામો કરતા. નવસારી તાલુકાના કાંઠાપ્રદેશના આ કોળી ગામોના લોકો ધંધામાં ખેતી, પરદેશની મુસાફરી કરવી અને રેલ્વે સડકો પર કામ કરવું તથા પુલ પરના કોન્ટ્રાક્ટ બાંધવા વગેરે કામો હતા. બી.બી.એન્ડ.સી.આઈ. મુબઈથી વડોદરા સુધીની પ્રથમ રેલ્વે લાઈન નંખાઈ ત્યારે કાંઠા પ્રદેશના કોળીઓએ મોટા પુલના બાંધકામમાં અનુભવ મેળવ્યો.

રેલ્વે લાઈનના અનુભવમાંથી કેટલાક સ્થિતિપાત્ર કોળીઓમાં કોન્ટ્રાક્ટ લેવાની વૃત્તિ જન્મી, પરિણામે કોળીઓમાં કેટલાક નાના મોટા કોન્ટ્રાકટરો પણ થયા. તે દિવસોમાં ભીમપોરના શેઠ ધનજીભાઈ કેશવજીભાઈ તથા શેઠ લાલભાઈ કેશવભાઈ કોન્ટ્રાકટર તરીકે ખ્યાતિ પામેલા હતા.

નાના મોટા કોન્ટ્રાક્ટના ઈરેક્શન કામો કોળીઓએ સફળતાપૂર્વક હાંસલ કરતા દુર દુર બર્મા સુધી એમની કાર્યકુશળતા વખણાવા લાગી. જેથી જ્યાં જ્યાં આવા કામો કરવાની તકો મળી ત્યાં ત્યાં કોળીઓ ગયા. આ કામમાં તેઓને ભિલાઈ, રાઉરકેલા, વિશાખાપટ્ટનમ, જમશેદપુર, બંગાળ, બિહાર, કલકત્તા, મહારાષ્ટ, યુ. પી. રંગુન વગેરે સ્થળોનો પરિચય થયો.

બાંધકામના કામમાં કોળીઓને અવનવી કંપનીઓમાં કામ કરવાની તક મળી. તેમાં બ્રિટિશ ઈન્ડિયા સ્ટીમ કંપની, સિંધીયા સ્ટીમ નેવીગેશન, ભાભા એટમિક રીસર્ચ સેન્ટર, ભારત મશીન ટુલ્સ, ટાટા સ્ટીલ કંપની વગેરેનો અનુભવ થયો.

સ્ટીલના કારખાનામાં ઈરેક્શનના કામકાજમાં કાંઠા પ્રદેશના કોળીઓ ખૂબજ ખ્યાતિ પામેલા હતા. ઉચા ઉચા ટ ાવરો પર ચઢીને ઈરેકશન કામો કરવામાં તો કોળીઓની હાક વાગતી. બ્રિટિશરોએ કોળીઓને 'જન્મજાત' ઈજનેર તરીકે ગણતા. 'પટેલ' (કોળીઓની અટક) નામ માત્રથી કોળીઓને કામે રાખી લેતા.

બંધકામના ક્ષેત્રે ઈરેક્શન કામ કરતા કોળીઓનું પગાર ધોરણ ઉચું હતું. સામાન્ય રીતે શિક્ષકોને આ દિવસોમાં જેટલો પગાર મળતો તેથી વધુ પગાર ઈરેક્શન કામ કરનારા કોળીઓને મળતો. આમ છતાં શિક્ષકો કરતાં એમની સ્થિતિ ઉતરતી કોટિની હતી. આનું કારણ તેઓની નોકરીનું સ્વરુપ કામ ચલાઉ સ્વરુપનું હતું એમ ગણાવી શકાય. ચાર મહિના કામ મળે અને બે મહિના ઘરે બેસી રહેવું પડે ફરી બે ત્રણ મહિનાનું કામ મળે. આ રીતે સંતોષપૂર્વકનું કામકાજ કરવા છતાં સતત કામના અભાવે તેઓને ચિંતામાં રહેવું પડતું અને એક સ્થળેથી બીજે સ્થળે જવાની તૈયારી રાખવી પડતી. આમ, બાંધકામમાં રહેલી અનિશ્ચિતતાએ તેઓને સ્થિર વસવાટ કરવા નવા ધંધા શોધવાની ફરજ પાડી.

**વ્હાઈટ કોલર જોબમાં**

સન ૧૯૨૫ના અરસામાં જૂજ સંખ્યામાં સ્થિતિપાત્ર કોળીઓ પ્રાથમિક અને કેટલાક ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મેળવી શક્યા હતા.

આ પ્રકારનું શિક્ષણ મેળવેલા બહુજન કોળી શિક્ષક કે તલાટી જેવી કક્ષાની નોકરીમાં જોડાયા. આ દિવસોમાં શિક્ષક તલાટીને ૧૦..૧૫ રુપિયા જેટલો પગાર મળતો. જ્યારે જૂજ સંખ્યામાં ઉચા પગારવાળી નોકરીમાં પણ હતા. દા.ત. સને ૧૯૦૧માં સુરતના એક કોળી મહિને દહાડે ૨૦૦ રુપિયાના પગારથી સુપરવાઈઝર તરીકે કામ કરતો હતો. સને ૧૯૨૦માં જલાલપોરના શ્રી રણછોડજીભાઈ ગોવિંદજી (ખેડવાયા કોળી) અભ્યાસ માટે અમેરિકા જનાર હતા તે માંડી વાળીને નૈરોબીમાં સ્ટાર્ન્ડડ બેંક ઓફ સાઉથ આફ્રિકામાં રુપિયા ૧૪૫ના પગારથી નોકરીમાં જોડાયા હતા. આજ વર્ષમાં ચંદ્રવાસણ..પારચપલ તા. જલાલપોરના વતની બુધાભાઈ અને સોમભાઈ જેઓએ કોળી..વિદ્યાર્થી આશ્રમમાં રહીને ઈજનેરની પરીક્ષા પાસ કરી હતી તેઓ ઉત્તર હિન્દુસ્તાનમાં રાવલપિંડી ખાતે ઈજનેરની જગ્યા પર હતા. આમ કોળી નોકરીયાતોમાં અંદરોઅંદર તફાવત હતા.

**ખેતી સિવાયના સ્વતંત્ર માલિકીના ધંધામાં**

પ્રથમ તબક્કામાં જૂજ સંખ્યામાં સ્થિતિપાત્ર કોળીઓએ અવનવા ધંધાના અનુભવને કારણે નાની..મોટી રકમનું રોકાણ માંગી લે તેવા સ્વતંત્ર માલિકીના ધંધાઓ અપનાવ્યા હતા. સને ૧૯૨૦માં ખરસાડ નિવાસી ઝીણાભાઈ કીકાભાઈ કે જેઓ જ્ઞાતિએ ગુલામ કોળી હતા તેઓએ મુંબઈમાં 'રામેશ્વર પ્રીન્ટીગ પ્રેસ' નામે છાપખાનું ખોલેલું અને તે વખતે ગુજરાતભરની ૨૦..૨૫ લાખની કોળી વસ્તીમાં કારખાનેદાર તરીકે તેઓ પ્રથમ કોળી હતા. આ સિવાય જૂજ સંખ્યામાં કોળીઓએ પોતાની માલિકીની પેઢી પણ શરુ કરી શક્યા હતા. જેમકે સને ૧૯૧૮માં વેરાવળ તા. નવસારીના વલ્લભભાઈ ભગાભાઈએ ભાગીદારીમાં 'જાપાન બઝાર' નામક પઢી શરુ કરી હતી જેની શાખા શૈંઘાઈ, હોંગકોંગ અને કાબે જેવા સ્થળોએ હતી.

**કોળીઓનું દેશ..વિદેશમાં સ્થળાંતર અને તેઓના વ્યવસાય**

દક્ષિણ ગુજરાતના કોળીઓ નોકરી..ધંધાર્થે વતનની આસપાસના ગામોમાં સ્થળાંતર કરતા હતા તે અગાઉ કેટલાક ધંધાઓના વર્ણનમાં જોયું કે બેકારી કે અર્ધ બેકારીનો પ્રશ્ન હલ થતો નહોતો. આ અનિશ્ચિતતાના નિવારણ માટે અને સ્થાયી જીવન શરુ કરવા કેટલાક કોળીઓ દેશ..વિદેશના સ્થળોએ કામકાજ અર્થે સ્થળાંતર કરવાનું શરુ કર્યુ હતું પ્રો. આઈ.પી. દેસાઈએ તેમના દક્ષિણ ગુજરાતના કાંઠા પ્રદેશના એક એક ગામના કરેલા અભ્યાસમાં ૧૭ જેટલા કોળીઓએ પ્રથમ વિશ્વયુધ્ધ પૂર્વે દેશ..વિદેશમાં કામ ધંધાર્થે સ્થળાંતર કર્યાનો ઉલ્લેખ કર્યો છે. જે. બી. શુકલાએ તેમના ઓલપાડ તાલુકાના અભ્યાસમાં પ્રથમ વિશ્વયુધ્ધ શરુ થયું તે પહેલા કામ..ધંધાર્થે બર્મા..રંગુન (કે જે તે વખતે બ્રિટિશ ઈન્ડીયાનો ભાગ ગણાતો) ગયાનો નિર્દેશ કર્યો છે. આવો જ ઉલ્લેખ દીપાકર ગુપ્તાએ ઓલપાડ તાલુકાના કાંઠા પ્રદેશના એક ગામના સંદર્ભમાં કર્યો છે. જે મુજબ સને ૧૯૨૦નાં અરસામાં અલપાડ તાલુકાનાં કાંઠા પ્રદેશના કેટલાક કોળીઓ બીડી વાળવા કે તંબાકુના ધંધાર્થે બર્મા ગયા હતા અને બીજા વિશ્વ યુધ્ધમાં જાપાનીઓએ બર્મા કબજે કરી લેતા પાછા ફર્યા હતા. પ્રથમ વિશ્વયુધ્ધ સમયે ડુમ્મસ..ભીમપોર વગેરે સચીન સ્ટેટના ગામોના માઝી, કોળી (મતીયા) દુબળા, સારંગ, ટંડેલ વગેરેને લશ્કરી કામો માટે બસરા લઈ જવામાં આવ્યા હતા. બસરાની લડતમાં

માર્યા ગયેલા આ ડુમ્મસ, ભીમપોર, ગવિયર વ. ગામોના આ કોળીઓનું સુલતાનાબાદ (તા. ચોર્યાસી) ખાતે 'વોર મેમોરિયલ' ઉભું કરાયેલું છે જેમાં કોળીઓના નામો પણ છે.

**મુંબઈમાં કોળીઓનું સ્થળાંતર અને ધંધા**

સને ૧૯૧૮માં કરેલ સર્વેક્ષણ પ્રમાણે મુંબઈમાં બધા મળીને ૩૦૦૯ કોળીઓ વસતા હતા. વિવિધ લત્તામાં રહેતા દક્ષિણ ગુજરાતના કોળીઓની સંખ્યા આ પ્રમાણે હતી. કોલાબા (૩૨) કાલબાદેવી (૭૭૮) ભૂલેશ્વર (૩૦૫) બંગાલીપુરા (૧૧૩) માંડવીબજાર (૨૦૬) ખડક મજગામ (૨૧૭) તારદેવ ગ્રાટ રોડ (૯૨) ભીડી બજાર(૯૭) નળબજાર ગરિગામ (૧૮૧) ચોપાટી (૪૭) ભાયખલા (૩૪) વાલકેશ્વર (૧૧૭) બાંદરા.. શાંતાકૃઝ (૧૨) પરેલ (૨૫૦) કોટ (૪૫૨).

મુંબઈમાં વસેલા આ કોળીઓ સ્થાયી ધોરણે સ્ત્રી છોકરાંઓ સાથે વસેલા હતા.

મુંબઈ સ્થિત આ કોળીઓ નીચે મુજબના ધંધામાં રોકાયેલા હતા. ઘોડાવાળા (૫૦૨) છાપખાનામાં (૨૪૨) કારીગર (૧૦૪) કસબી (૨૬) મોટર ડ્રાયવર અને ક્લીનર (૪૯) કારકુન, ગુમાસ્તા અને માસ્તર (૨૮) પરચુરણ નોકરી કરનારા (૮૧) ધંધેદાર (૧૧) ભણનારા (૧૨૧).

ઉપરોક્ત આંકડા પરથી જોઈ શકાય છે કે કોળીઓની માફક મુંબઈ સ્થિત કોળીઓનાં વ્યવસાયમાં વૈવિધ્ય રહેલું છે. મોટાભાગના કોળીઓ ઘોડાગાડી હાંકનારા, છાપખાનામાં કંપોઝીટર તરીકે કામગીરી તથા ભણનારા છે. કેટલાક કોળીઓ પરચુરણ નોકરી કરનારા અને કારકુન તરીકે પણ છે. જૂજ સંખ્યામાં કોળીઓએ પોતાની સ્વતંત્ર માલિકીના વ્યવસાય અપનાવ્યા હતા.

સને ૧૯૨૧ની સાલમાં મુંબઈ સ્થિત કોળીઓમાં વ્યવસાય, તેઓને મળતું વેતન અને કાયમી પરિસ્થિતિનો અંગેનો ખ્યાલ નીચેની એક નોંધ પરથી સ્પસ્ટ થાય છે.

'ચાકરીના કામમાં આપણી કોમનો મોટામાં મોટો જથ્થો જો કોઈ સ્થળે હોય તો તે મુંબઈમાં છે. મુંબઈમાં કોળી લોકોની સુરત જીલ્લામાંથી જઈને વસેલી લગભગ છ..સાત હજારની વસ્તી છે. આજે કેટલાક વરસ થયા એ જથ્થો ચાકરી અર્થે મુંબઈ જઈ વસેલો છે. અને તે જાણે મુંબઈના જ ખાસ વતની હોય તેવી રીતે ઘર કરીને રહેલા છે. આપણા આ કોળી ભાઈઓમાંથી ૯૫..૯૬ ટકા ઘોડાગાડી હાંકવાનું કામ કરે છે. તેમાં પગાર મહિને ૧૫ રુપિયા મળે છે. રહેવાનું ઘણે ભાગે જ્યાં ઘોડાઓ બંધાતા હોય તે તબેલામાં જ હોય છે. ગંદકીનો તો તબેલામાં પાર જ નથી. ઘોડાની લાડ વાળવા, ઘોડાને માલિશ કરવી, ગાડી ધોઈ સાફ કરવી, આ સર્વે કામ ઘણા જણાને હાથે જ કરવું પડે છે. હુન્નર ઉધ્યોગના ઈજનેર કામ, છાપખાનામાં કરવાનું કામ વગેરેમાં માત્ર મનુષ્ય જોડાયેલા છે. આ બાબતમાં વિશેષ જથ્થો મુંબઈ ખાતે છે. આ દિશામાં કામ કરનાર ચાકરી કરવાવાળા કરતાં ઠીક છે.

આમ, મુંબઈ સ્થિત કોળીઓની સ્થિતિમાં અંદરોઅંદર તફાવત રહેલા હતા. વર્ષો પૂર્વે પરંપરાગત અનાવિલોની આજન્મ ચાકરી કરનારા ગુલામ કોળીઓના વારસદાર મુંબઈમાં જઈને ઘોડાગાડી હાંકવાનું કામ સ્વીકાર્યુ. જેમાં તેઓની સ્થિતિ અને કામની પરિસ્થિતિ નબળી હોવા પામી. આમ છતાં તેઓ પોતાની સ્વતંત્ર ધંધાની માલિકીમાં હતા તે મહત્વની બાબત હતી.

**દક્ષિણ આફ્રિકામાં કોળીઓનું સ્થળાંતર અને ધંધા**

સને ૧૯૧૧માં નવસારી પ્રાંતમાંથી ૨૪૯૯ માણસો દક્ષિણ આફ્રિકાના જુદા જુદા ભાગો અને દુનિયાના બીજા દેશોમાં જઈ વસેલા હતા. પ્રથમ સને ૧૮૮૫માં કરાડી તા. નવસારીના કાંઠા પ્રદેશના ખેડવાયા કોળી, ભીખાભાઈ મંગાભાઈ દક્ષિણ આફ્રિકા ગયેલા. જોહનેસબર્ગ સ્થિત જસમતભ ાઈના કહેવા પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં કોળીઓને લઈ જવામાં મુસ્લિમોનો સાથ હતો. પાછલી સદીના દાયકાઓમાં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ચલાવેલી હિન્દીઓના હક્ક માટેની ચળવળમાં કેટલાક કોળીઓએ ભાગ લીધો હતો. જ્ઞાતિ માસિકોમાં મરણ અંગેના સમાચારોમાં પાછલી સદીના અંત ભાગમાં કે ચાલુ સદીના શરુઆતના દાયકાઓમાં કેટલાક કોળીઓ દક્ષિણ આફ્રિકા ગયાના સંકેતો મળે છે. આ બધા પુરાવાઓ પરથી કહી શકાય કે સને ૧૮૮૫ થી ૧૮૯૫ ના ગાળામાં કાંઠા પ્રદેશના કેટલાક કોળીઓ દક્ષિણ આફ્રિકા જઈ વસ્યા હતા. સને ૧૯૧૬માં નોંધણી કરાવેલ 'શ્રી ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ' પણ આ બાબતની પૂર્તિ કરે છે.

સૌ પ્રથમ વહાણો અને પછી સ્ટીમરોમાં બેસીને અહીથી કોળીઓ દક્ષિણ આફ્રિકા જઈ વસેલા. શરુઆતમાં સ્થળાંતરિત થયેલ આ કોળીઓ નવસારી તાલુકાના કાંઠા પ્રદેશના ગામોના હતા. જેઓ વહાણવટાના કામમાંથી બેકાર પડલા

ગરીબ કોળીઓ હતા. શરુઆતમાં જનાર આ કોળીઓ ઓછું ભણેલા હતા. જીવન ટકાવી રાખવા રોજીરોટી મળી રહેશે એ ઈરાદે કામચલાઉ સ્વરુપે તેઓ અહીથી ગયા હતા.

સાહજિક રીતે ઓછું ભણેલા ગરીબ કોળીઓએ શરુઆતમાં મજુરી અને તેના જેવા હકલી કક્ષાના ગણાંતા ધંધાઓ અપનાવ્યા અને જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ અનુભવ મેળવીને એક પછી એક નવા ધંધાઓ અપનાવતા ગયા.

સને ૧૯૨૫ સુધીમાં કોળીઓ નીચે પ્રમાણેના અનેક વિધ ધંધાઓમાં રોકાયેલા હતા. રેલ્વે તથા મકાન બાંધકામમાં મજુરી, સોનાની ખાંણમાં મજુરી, શાકભાજીની ફેરી, નાની દુકાનો, છાપાં વેચવા, કાપડની ફેરી, દરજીનો ધંધો, ધોબીનો ધંધો વગેરે.

શરુઆતના વર્ષોમાં ગયેલા કોળીઓને રોજીરોટીના સમાધાનની ખાતરી થતાં પ્રથમ વિશ્વયુધ્ધના અંત ભાગ પછી કાયમ ધોરણે સ્થિર કરવાના હેતુસર વતનમાંથી સ્ત્રી સભ્યોને લઈ જતા થયા. સૌ પ્રથમ સને ૧૯૨૦માં <u>મડવાડ</u> તા. નવસારીના શ્રી મંગાભાઈ પોચીયાભાઈ તેની પત્નીને દક્ષિણ આફ્રિકા લઈ ગયેલા. ત્યાર પછી સને ૧૯૨૪માં વેરાવર તા. નવસારીના મંગાભાઈ દયાળભાઈ તેમની પત્નીને લઈ ગયેલા. આમ સને ૧૯૨૫ના અંતે કેટલાક કાંઠા પ્રદેશના કોળીઓ દક્ષિણ આફ્રિકા સ્થિર થઈ અનેકવિધ ધંધામાં રોકાયા.

**<u>ન્યુઝીલેન્ડમાં</u> કોળીઓનું સ્થળાંતર અને ધંધા.**

દક્ષિણ આફ્રિકાની તુલનામાં <u>ન્યુઝીલેન્ડમાં</u> કોળીઓનું સ્થળાંતર <u>મોડું</u> શરુ થયું. આમ છતાં સૌ પ્રથમ <u>ન્યુઝીલેન્ડ</u> જનારા ગુજરાતીઓમાં કોળીઓ પ્રથમ હતા. સને ૧૯૧૩માં સૌ પ્રથમ મટવાડ તા. નવસારીના છીબાભાઈ નામે <u>ખેડવાયા</u> કોળી ફીજી મુકામેથી વહાણમાં બેસીને અનેક પ્રતિકુળ સંજોગો વચ્ચે પેટિયું રળવા ન્યુઝીલેન્ડ જઈ પહોચ્યા હતા. સને ૧૯૧૩ થી ૧૯૨૦ દરમ્યાન ૧૩ જેટલી ગુજરાતી સ્ત્રીઓ હતી. આમ પ્રથમ વિશ્વયુધ્ધના અંત ભાગે નજીવી સંખ્યામાં દક્ષિણ ગુજરાતના કોળીઓ <u>ન્યુઝીલેન્ડમાં</u> હતા.

તે વખતે ન્યુઝીલેન્ડ જનારા કોળીઓ સીધા વતનમાં ગયા નહોતા પણ દક્ષિણ આફ્રિકામાં કેટલાક કોળીઓએ ત્યાંની સરકારની પજવણીને કારણે ન્યુઝીલેન્ડ ગયા હતા.

દેખીતી રીતે જ ન્યુઝીલેન્ડ જઈ વસેલા કોળીઓ દક્ષિણ આફ્રિકામાં કોળીઓની માફક ઓછું વેતન રળી આપે તેવા ધંધામાં રોકાયા.

શરુઆતમાં ન્યુઝીલેન્ડ વસનારા કોળીઓ નીચે મુજબના ધંધા કર્યા. ખેતી લાયક જમીન તૈયાર કરવી, જંગલ સાફ કરવાં, ડ્રેનેજ ખોદવી, બ્રીક યાર્ડમાં મજુરી કામ, કોલસાની ખાણમાં મજુરી, બોટલ કલેકશન, ટ્રક હાંકવી, માલની હેરફેર કરનાર કુલી, વગેરે.

**બીજો તબક્કો .. સમયગાળો સને ૧૯૨૫ થી ૧૯૬૦**

બીજા તબક્કામાં ધંધા વિષયક કોળીઓની સ્થિતિ નીચે પ્રમાણે હતી.

**<u>ખેડૂત</u> તરીકે..** બીજા તબક્કામાં પણ બહુજન ગ્રામણક્ષેત્રે વસતા કોળીઓનો વ્યવસાય ખેતીનો રહેવા પામ્યો હતો. કોળી <u>ખેડૂત</u> પ્રાર્થમિક રીતે સિમાંત કે નાના <u>ખેડૂતોની</u> કક્ષાનો હતો. ઉપલી કોમના <u>ખેડૂતોની</u> સરખામણીમાં કોળી <u>ખેડૂત</u> પાસે જમીન ધારણનું કદ ઓછું હતું. સને ૧૯૩૭માં પ્રકાશિત કરેલ ‘લાઈફ એન્ડ લેબર ઈન ગુજરાત તાલુકા’ નામક પુષ્તકમાં જે. બી. શુકલા જણાવે છે તેમ ઓલપાડ તાલુકાના પૂર્વ ભાગે વસતા (કાળેગામ પ્રદેશ) સાંધિયેર ગામ કે જ્યાં કોળીઓ સાથો સાથ કણબી પાટીદાર અને અનાવિલ <u>ખેડૂતોની</u> વસ્તી હતી તે ગામના <u>ખેડૂત</u> પાસે સરેરાશ ૨૧ એકર જમીન હતી જ્યારે પશ્ચિમ ભાગે વસતા કોળી <u>ખેડૂતોના</u> ગામમાં સરેરાશ ૩ એકર જમીન હતી. ઉપલી કોમના <u>ખેડૂતોની</u> સરખામણીમાં કોળી <u>ખેડૂતો</u> પાસે જમીન ઓછી હોવાનું એ કારણ શાહુકારોએ દેવા પેટે જમીન આંચકી લીધી હોવાનું હતું. કાંઠા પ્રદેશમાં કોળી <u>ખેડૂતો</u> પાસેથી મોટા પ્રમાણમાં આંચકી લેવાનું બન્યું હતું. આ બાબતે ઓલપાડ તાલુકાના કાંઠા પ્રદેશના પીજરત ગામનો દાખલો આપતાં શુકલા કહે છે કે ગામના ૮૦ કોળી ખાતેદારો બધુ મળીને ૩૫૬ એકર (સરેરાસ ૪.૪ એકર) જમીન હતી. જ્યારે જૈન શાહુકાર પાસે ૧૦૩ એકર જમીન હતી. વધુંમાં શુકલા કહે છે કે તાલુકાના ઘણા બધાં ગામોમાં પારસી શાહુકારોએ કોળીઓની જમીન આંચકી લીધીના દાખલા હતા. ઓલપાડ તાલુકાના કાંઠા પ્રદેશની માફક દક્ષિણ ગુજરાતના તાલુકાઓમાં પણ બનવા પામયું હોય તો નવાઈ નહી.

**કોળી ખેડૂતોની દેવા વિષયક સ્થિતિ**

દેવા વિષયક કોળીઓની સ્થિતિ જોતાં કાંઠા પ્રદેશના કોળીઓની સરખામણીમાં કાળેગામના ખેડૂતોનું સંસ્થાકીય દેવું વિષેશ હતું. શુકલાને પણ એના અભ્યાસકાળમાં ઓલપાડ તાલુકાના કોળીઓમાં કાંઠા પ્રદેશના કરતાં કાળેગામનો કોળી વિષેશ દેવાદારો જણાયા હતા.

જો કે આનું કારણ એવું નહોતું કે કાંઠા પ્રદેશના કોળી આર્થિક રીતે સધ્ધર હતો. વાસ્તવમાં કાંઠા પ્રદેશનો ઓછી જમીનનો માલિક હોવાને કારણે સામાન્ય રીતે એ હજાર રુપિયાથી વધું રકમ તેને ધીરવામાં આવતી નહોતી. ઓલપાડ તાલુકાના ૮૦ ટકાના દેવાદારો એક હજારથી ઓછી રકમના હતા. જેમાંના મોટા ભાગના કોળી હતા. એકર દીઠ દેવાની રકમ જોતાં અનાવિલ, કણબી અને રજપૂત જેવી ઉપલી કોમના કરતા કોળી વધું રકમનો દેવાદાર હતો.

સરકારશ્રીની તગાવી લોનની યોજના પણ કેટલાંક કારણસર ગરીબ કોળી ખેડૂતોને ઝાઝી ઉપયોગી નીવડી નહી. અન્ય સંસ્થાકીય ધિરાણની સગવડની ગેરહાજરીમાં કોળી સહિતની નિમ્ન કોમોએ ફરજીયાત પણે ખાનગી શાહુકારો પાસે દેવું કરવું પડતું. જેનું પ્રમાણ કાંઠા પ્રદેશના ગામોમાં કાળેગામના પ્રદેશની સરખામણીમાં વિષેશ હતું. દા. ત. ઓલપાડ તાલુકાના કાંઠા પ્રદેશના દેવાદારો પૈકી ૯૧ ટકા દેવું ખાનગી શાહુકારો પાસેથી મેળવાયું હતું.

ખાનગી શાહુકારો વ્યાજ વસુલ લેવાની બાબતમાં કોળી જેવા નાના ખેડૂતો પ્રત્યે ભેદભાવ રાખતા. અનાવિલ, કણબી, રજપૂત અને પારસી જેવા ઉપલી કોમના ખાતેદારો પાસે ૯ ટકા ના દરે વ્યાજ લેવાતું જ્યારે કોળી જેવા નાના ખાતેદારો પાસે ૧૨ થી ૧૮ ટકા ના દરે વ્યાજ વસુલ લેવાતું.

ઋણ રાહતનો કાયદો પણ દેવાદાર કોળીઓને ઝાઝી મદદ કરવાને અસમર્થ રહ્યો. એટલું જ નહી ઋણ રાહતના કાયદા પછી તો શાહુકારોએ પોતે ધીરેલી રકમનું જોખમ જોતા થયા. જેને કારણે રકમની સલામતી માટે જમીનનું વેચાણખત લખાવી લેવાનો આગ્રહ રાખતા થયા. અને રકમ પરત થતાં જમીન પરત કરાશે એવું મૌખીક બંધારણ કરતા થયા જે પહેલાં નહોતું. જો કે ગણોતિયા તરીકે ખેતી કરવાનું તે ખેડૂત દેવાદાર જ ચાલું રહેતો. જો દેવાદાર પાસે ગિરવે મુકવા જમીન ના હોય તો ઘર, ઘરેણાં, બળદ વગેરે સામે પૈસા ઉછીના અપાતા. કેટલીકવાર ગરીબ કોળી બળદ કે ગાડા ઉપર પણ લોન લેતા.

ખેતીની જમીન સિવાયના ગીરો ઉપર સામાન્ય રીતે ૧૨ થી ૧૮ ટકા ના દરે વાર્ષિક વ્યાજ લેવાતું. વ્યાજની રકમ વર્ષોવર્ષ શાહુકારોને મળે તેવો આગ્રહ રાખતા. જો કે તે શાહુકાર મુદ્દલ વસૂલ લેવા અંગે ઉતાવળ કરતો નહી કારણ કે ધીરેલી રકમ પરનું વ્યાજ એ એની આવકનું સાધન હતું. એક બે વર્ષ સતત દેવાદાર વ્યાજની રકમ ચુકાવવાને અસમર્થ નીવડે તો શાહુકાર ધીરેલી રકમ અને વ્યાજ એ બે ભેગું કરીને નવું બોન્ડ લખાવી લેતો. આ રીતે દેવાની રકમ ઉત્તરોત્તર વધતી જ જતી. કોળીઓના દેવા બિન ઉત્પાદક સ્વરુપના હતા.

સને ૧૯૨૯માં શારદા એક્ટ આવવાને કારણે ઘણાંખરાં કોળીઓએ તેનો અમલ થાય તે પહેલાં નાની ઉમરના છોકરાછોકરીઓને પરણાવી દેવાનું શરુ કર્યુ હતું. આ કારણોસર પણ દેવાની રકમમાં વધારો થવા પામ્યો હતો.

આમ, લગ્ન મરણ જેવાં સામાજિક પ્રસંગોએ બિન ઉત્પાદક સ્વરુપનું દેવું, ઉચો વ્યાજનો દર અને આકરી ધીરણની શરતોને કારણે ગરીબ કોળીઓના પ્રશ્નો વધવા પામ્યા. કેટલાક ઓછી જમીન ધરાવનારા સિમાંત પ્રકારના ખેડૂતો જમીન વિહોણા મજુરોમાં ફેરવાય ગયા. આ બાબતે જે. બી. શુકલાનું નિરક્ષણ છે કે.. ‘પીજરત, ભાદોલ અને દામકા (કાંઠા પ્રદેશના ગામો) એ ત્રણ કોળી ગામમાં મોટા ખાતેદાર તરીકે શાહુકારો હતા. જેમાં શાહુકારોએ નાના ખાતેદારો પાસેથી જમીન તબદીલ કરાવી લીધાની ગંધ આવ્યા વિના રહેતી નથી’. તેઓ વધુમાં જણાવે છે કે ‘કોળી નાના ખાતેદારો તેના જમીનના નાના ટુકડા સામે શરતી લોન લેતા અને સમય વીતતા દેવાની રકમ વધતા તે ચુકવવાને અસમર્થ બનતા છેવટે શાહુકાર તેનો માલિક થઈ બેસતો.

ટૂંકમાં પંચાયતી રાજ અમલી બને ત્યાં સુધીમાં દક્ષિણ ગુજરાતના બહુજન કોળી નાના અને સિમાંત ખેડૂતો, જમીનની ખારાશ વધવાથી, વસ્તી વધારો થવાથી, શારદા એક્ટનો કડકપણે અમલ થવાથી, ગણોતધારો, રુણ રાહતધારો, થવાથી જમીન વિહોણા કે ઓછી જમીન ધરાવનારા ખાતેદારો બનવા પામ્યા. જેને લીધે તેઓને ખેતી સિવાય નવા ધંધા શોધવાની ફરજ પડી. જેણે તેઓના ધંધામાં રહેલી વિવિધતામાં વધારો કર્યો અને શહેરો તરફના સ્થળાંતરમાં ગતિ પેદા કરી.

**મજુર તરીકે**

જેમ જેમ વખત પસાર થતો ગયો તેમ તેમ નાના અને સિમાંત પ્રકારના કોળી ખેડૂતો ઓછી જમીનવાળા કે જમીનવિહોણા બનતા ગયા. જેણે તેઓને ફરજીયાત પણ ખેતી સિવાયના ધંધામાં જોડાવાની ફરજ પાડી. આવા કેટલાક ધંધાઓ પૈકી ખેતમજુરીનો વ્યવસાય એક મહત્વના આવકના સાધન તરીકે કેટલાક કોળીઓએ અપનાવ્યો હતો.

ખેતમજુરી કરનારા ઓલપાડ તાલુકાના કાંઠા પ્રદેશના મજુરોના સંદર્ભમાં શુક્લા એવું નોંધે છે કે 'દક્ષિણ (સુરતને અડીને વસેલા ગામો) માં જે પ્રમાણે નાના કોળી ખેડૂતો વર્ષના બાકીના મહિનાઓમાં ઔધ્યોગિક કેન્દ્રમાં મોસમી સ્થળાંતર કરીને રોજીરોટી મેળવી શકે તેવી પણ અહી (કાંઠા પ્રદેશના ગામોમાં) શક્યતા ઔધ્યોગિક કેન્દ્રોની ગેરહાજરીમાં નથી. નજીકમાં કોઈ મોટું ઔધ્યોગિક એકમ નજરે ચડતું નથી કે જ્યાં વર્ષના અમુક દિવસોમાં ખેતમજુરો જઈ શકે. જો કે તાલુકાની અંદરોઅંદર રોજિન્દું સ્થળાંતર સતતપણે હતું. પીંજરત અને દામકા ગામના કેટલાક કોળી ખેડૂતો કે જેઓ પાસે થોડી જમીન હતી તેઓ નજીકના દીહેણ અને ઈચ્છાપોર જેવા નજીકના મોટા ગામોમાં ખેતીકામ માટે જતા. એટલું જ નહી કાંઠા પ્રદેશના છેવાડેના ગામોમાં કેટલાક કોળી મજુરો તાલુકાના પૂર્વ પ્રદેશના દૂરના ગામો જેઓ કપાસ ઉગાડનારા હતા ત્યાં કપાસ વીણવા માટે જતા. આપ્રમાણે આંતરિક ગામોના સ્થળાંતર હોવા છતાં પણ મજુરોના બેકારી કે અર્ધબેકારીના પ્રશ્ન હલ થતો નહોતો.

આવું જ દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં હતું. સને ૧૯૬૩માં નવસારી તાલુકાના પરૂજણ ગામના કોળીઓનું વર્ણન કરતાં પ્રો. આઈ. પી. દેસાઈ લખે છે કે દરેકની પાસે પોતાના ઘરો હતાં. જેમાં ઘણા ખરાં ઘરોના છાપરાં નળીયાંવાળા અને ઈંટોની દિવાલોના બનેલાં હતા. દરેકની પાસે ખેતીની જમીન હતી પણ તેનું કદ ખુબ નાનું હતું. કેટલાક કોળીઓ ભાગે કે સાથ આપીને જમીન ખેડતા. પણ મોટા ભાગના કોળીઓનું મુખ્ય રોજીરોટીનું સાધન ખેત મજુરીનું રહ્યું છે. તેઓના અનાવિલ જમીન માલિકો સાથેના સબંધો એખેલાસ ભર્યો છે. તેઓમાંના ઘણા બધા અનાવિલ જમીન માલિકોને ત્યાં કરરાગત રીતે કાયમ મજુર હતા. તેઓના કરાર વાર્ષિક અથવા સીઝન પૂરતા હોય છે. અનાવિલ સાથેના ધનિષ્ટ સંર્પકને કારણે તેઓની રહેનશહેન પર અનાવિલ કોમની ઘણી અસર થઈ છે.

પરૂજણ તા. નવસારીમાં મજૂર તરીકે કામ કરનારા કોળીઓની પેટા જ્ઞાતિ ગુલામ કોળી તરીકેની હતી. જો કે પૂર્વે (સને ૧૮૦૦ની સાલમાં) તેઓ આ જન્મ નોકર તરીકે વંસપરંપરાગત કામ કરતા તેવું આ સમયે નહોતું. આમ છતાં કોળી મજૂરોની સ્થિતિ ગરીબ રહેવા પામી હતી. જેથી કરીને કેટલાક કોળીઓ મુંબઈ જેવા અધ્યોગિક સ્થળોએ રોજીરોટી માટે સ્થળાંતર કરી જવાનું વલણ બીજા તબક્કામા (સને ૧૯૨૫ થી ૬૦માં) વધવા પામ્યું હતું.

**વ્હાઈટ કોલર જોબમાં**

આપણે નક્કી કરેલ બીજા તબક્કા (સને ૧૯૨૫ થી ૧૯૬૦) માં શિક્ષણ મેળવનારા કોળીઓની સંખ્યા ક્રમિક વિકાસ થવા પામ્યો. સ્થિતિપાત્ર કેટલાક કોળીઓએ આ અરસામાં પૂર્વથીજ દેશના વિવિધ ભાગોમાં જઈને ઉચ્ચ શિક્ષણની પદવી પ્રાપ્ત કરી આવ્યા હતા. ઉચ્ચ શિક્ષણની પદવી પ્રાપ્ત કરનારા આ કોળીઓએ એમના બાપદાદાનો ખેતીનો ધંધો છોડી નોકરી કરવાનું શરુ કર્યુ હતું.

જો કે ચોક્કસ કેટલી સંખ્યામાં કોળીઓ કઈ નોકરીમાં હતા તેના દસ્તાવેજી આંકડા મળી શકે તેમ નથી. આવા સંજોગોમાં તે વખતે પ્રસિધ્ધ થતા 'કોળી જગત' 'પટેલ મિત્ર' નામક જ્ઞાતિમાસિકોના સને ૧૯૩૯થી ૧૯૪૯ના વર્ષના કેટલાક જ્ઞાતિ માલિકોમાં 'નિમણુક થઈ' 'બદલી થઈ' 'રજા પર ગયા' 'ગામ્ય ખબરો' 'જ્ઞાતિ સમાચાર' વગેરે મથાળા હેથળ પ્રગટ થતા સમાચારો પરથી ઉદાહરણરુપ કોળી નોકરીકર્તાની માહિતી સંયોજીત સૂચી યાદી રુપે (composite index) પરથી કમસેકમ કોળીઓની નોકરીનો પ્રકાર, નોકરીઓમાં સ્ત્રી..પુરુષોનું પ્રમાણ, નોકરીનું સ્થળ તથા હોદ્દો વ. જાણવા મળે છે.

આમ, સને ૧૯૪૦ના અરસામાં કોળી નોકરી કર્તાઓમાં વિવિધતા હતી. આ તબક્કામાં પણ અગાઉની (સને ૧૯૨૫) માફક કોળી નોકરીયાતો શિક્ષકો તરીકે વિશેષ હતા. સને ૧૯૫૫..૬ ની સાલમાં થયેલ એક સર્વેક્ષણ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં કામ કરતા કુલ ૪૪૯૫ શિક્ષકશિક્ષિકામાંથી કોળી જ્ઞાતિના ૭૫૫ શિક્ષક અને ૧૨૦ શિક્ષકા મળી કુલ ૮૭૫ જેટલા શિક્ષકો હતા. જૂજ સંખ્યામાં કોળીઓ મેડિકલ ઓફિસર, ઈજનેર જેવા ઉચ્ચ મોભાદાર વ્યવસાયોમાં પણ હતા.

**સ્વતંત્ર માલિકી ખેતી સિવાયના ધંધા**

જૂજ સંખ્યામાં સ્થિતિપાત્ર કોળીઓ પોતાની સ્વતંત્ર માલિકીની વ્યવસાયમાં હતા. સ્વતંત્ર ધંધામાં રોકાયેલા આ કોળીઓ સ્થિતિપાત્ર હતા તે નિશંક બાબત છે. દા. ત. પાંચ જ લાખના ખર્ચે લક્ષ્મી સલિક એન્ડ કોટન મિલ્સ શરુ કરવા કોળી જાતિના લાલભાઈનો પરિચય આ મુજબ હતો. તેઓ જાતે ખેડુત હતા અને સ્થિતિએ ગર્ભશ્રીમંત હતા. જાતે ઈજનેર ભણેલા હતા એટલે યંત્ર વિધ્યા પણ જાણતા. અમદાવાદની મીલોમાં તેમને સારી પેઠે અનુભવ હતો. અમદાવાદની 'વિવેકાનંદ મીલ'માં પણ તેઓ કામ કરી આવ્યા હતા. ઉધ્યોગની નીતિરીતિનો અનુભવ હતો. અંમેરિકાના જોબમાં યુગાન્ડામાં જાતે ખાણમાં કામ કરી આવેલ હોવાથી દેશપરદેશનું જીવન જોયું હતું.

**લુપ્ત થયેલા ધંધા**

બીજા તબક્કામાં સને ૧૯૨૫ થી ૧૯૬૦ દક્ષિણ કોળીઓમાં પણ ઘણા ફેરફારો થયા છે. દેશવિદેશના શહેરોમાં અવનવા લોકો સાથેના કોળીઓના સંસર્ગ, તેમજ શિક્ષણ પ્રમાણમાં વધારો જુઓ, શિક્ષણમાં વૈવિધ્ય, નોકરીયાત અને સ્વતંત્ર ધંધાની માલિકીમાં વધતી જતી કોળીઓની ભાગેદારી તેમજ આઝાદ ભારતમાં કોળીઓનું થયેલું રાજકીયકરણ તથા હરિયાળીક્રાંતિને પરિણામે કેટલાક કોળીઓની સુધરેલ આર્થિક સ્થિતિ પરિસ્થિતિ તથા કેટલાક કાયદાના અમલને કારણે કોળીઓમાં કેટલાક ધંધાઓ બંધ થવા પામ્યા અથવા ઓછા થયા.

આવા બંધ થવાને આરે આવીને ઉભેલા (અગાઉના તબક્કાના) કેટલાક ધંધાઓ.. માછીમારનો ધંધો, તરવાડા તરીકે તાડખજુરી છેદનનો ધંધો, જીન..સીગ ફોલવા..કપાસ વીણવા માટે સ્ત્રી સભ્યોને બહારગામ કામધંધે મોકલવા બાબતે, ઘેરીયા રમવા બાબત, ભાડુતી લગ્ન ગીતો ન ગાવા જવા અંગે, વગેરે હતા.

**કોળીઓનું દેશવિદેશમાં સ્થળાંતર અને તેઓના વ્યવસાય**

બીજા તબક્કામાં (સને ૧૯૨૫ થી ૧૯૬૦) કોળી નાના અને સિમાંત ખાતેદારો બૃહદ સમાજમાં થયેલ ફેરફારને કારણે દરિદ્રતા તરફ ધકેલાઈ ગયા તેનું વર્ણન આપણે ઉપર જોયું. આને લીધે તેઓને ફરજીયાત સ્થળાંતર કરવું પડયું. આ અરસામાં દેશમાં જમશેદપુર, મુંબઈ, અમદાવાદ વગેરે મોટા શહરો તેમજ વિદેશમાં કાયમી ધોરણે થતું સ્થળાંતર ઉત્તરોત્તર વધવા પામ્યું. આ અગાઉ જઈ વસેલા કોળીઓએ વતનના ગામ કે સગાને ત્યાં પરદેશમાં વસી કામધંધો કરવાને સુગમતા પુરી પાડી. અગાઉના તબક્કામાં મજુરી અને ફેરીના કામને બદલે સ્વતંત્ર માલિકીના અને નોકરીના ધંધામાં વધુને વધુ કોળીઓ જોડાવા લાગ્યા. આ અરસામાં મિંઢોળા અને અંબિકા નદી વચ્ચેના પ્રદેશમાં હજારો સંખ્યામાં કોળીઓ દેશવિદેશ જઈ વસ્યા.

સને ૧૯૨૫ થી ૧૯૬૦ના અરસામાં મુખ્ય બે ફેરફારો થયા. એક, આ તબક્કામાં મુંબઈ જનારાઓમાં ઓલપાડ, ચોર્યાસીના કાંઠા પ્રદેશના ગામોના તળપદા કોળીઓનું પ્રમાણ વધવા પામ્યું. મુંબઈમાં તેઓ ગોદરેજ કોલોની, વિક્રોલી, ગોરેગાંવ, મલાડ, મુલુંડ, વગેરે સ્થળોએ સ્થાયી થઈ કારખાંનાઓમાં નોકરીએ જોડાયા.

આ અરસામાં જૂજ સંખ્યામાં કોળીઓ વદોદરામાં પણ જઈ વસ્યા. વડોદરામાં વસનારા આ કોળીઓ શિક્ષિત હોય નોકરી ધંધામાં જોડાયા. પ્રદેશોમાં મહત્વનો ફેર એ જોવા મળે છે કે આ અરસામાં ઈગ્લેન્ડમાં જઈને નોકરી કરવાનું વલણ કોળીઓમાં વધવા પામ્યું. ઈગ્લેન્ડમાં વસનારા કોળીઓમાં ઘણાંખરા કોળીઓ સ્થિર અને સલામતીભર્યા જીવન જીવવા માટે દક્ષિણ મધ્ય ઈગ્લેન્ડના વિસ્તારમાં જઈ વસ્યા. ઈગ્લેન્ડ સ્થિત કોળીઓમાં મોટ ાભાગના નવસારી અને ગણદેવી તાલુકાના કાંઠા પ્રદેશના કોળીઓ નોકરીઓ તેમજ નાના પાયા પરના ધંધામાં રોકાયા.

આમ, એકંદરે સને ૧૯૨૫ થી ૧૯૬૦ના અરસામાં દેશવિદેશના શહેરોમાં જઈ વસનારા કોળીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો અને તેઓ અનેક વિવિધ ધંધાઓ અપનાવ્યા જેથી તેઓ વચ્ચે ધંધાનું વિભીનીકરણની પ્રક્રિયા ગતિમાન બની.

**ત્રીજો તબક્કો.. સમયગાળો સને ૧૯૬૦થી સને ૧૯૮૫**

દક્ષિણ ગુજરાતના કોળીઓમાં છેલ્લા બે તબક્કા (૧૯૨૫ થી ૧૯૬૦) નાં વર્ષોમાં કોળીઓના ધંધામાં થયેલા ક્રમિક વૈવિધ્યને જોઈ ગયા. અહી ત્રીજા તબક્કામાં કોળીઓના ધંધાની સ્થિતિ તપાસવામાં આવી છે.

આજે ગ્રામિણ પ્રદેશમાં વસતા કોળીઓએ શહેરમાં વસતા કોળીઓની માફક ખેતી સિવાયના ધંધાઓ અપનાવ્યા છે. જો કે જે તે ધંધામાં રોકાયેલાઓની સંખ્યાનું પ્રમાણ વત્તું ઓછું છે.

**<u>ખેડૂત</u> તરીકે**

પરંપરાગત રીતે કોળીઓની ગણતરી <u>'ખેડૂકોમ'</u> તરીકે થતી તે આજે પણ કોળીઓએ અવનવા ધંધામાં પદાર્પણ કર્યું હોવા છતાં થતી રહેવા પામી છે. આમ, કોળીઓનો મુખ્ય ધંધો વિશેષત કરીને કાળે ગામના પ્રદેશમાં ખેતીનો રહેવા પામ્યો છે. કાળે ગામમાં આજે એકલી ખેતી પર નભવું કોળીઓ માટે મુશ્કેલ બન્યું. આ બાબત કોળી પાસે જમીનધારણની અન્ય અભ્યાસોને આધારિત માહિતી પરથી સ્પષ્ટ થશે.

**કોળી પાસે જમીન ધારણનું કદ**

પ્રો. જોન બ્રેમેને તેમના અભ્યાસમાં ગણદેવી ગામ (તા. ગણદેવી) ના <u>રેકર્ડ</u> પરથી એકત્ર થયેલ જ્ઞાતિવાર જમીનધારણનું કદ અને વસ્તી સંખ્યાના આંકડા રજૂ કરે છે. ગામના ૨૨ ટકા વસ્તી ધરાવતા અનાવિલ પાસે ગામની ૭૧ ટકા જમીન હતી જયારે ૩૫ ટકા ગામની વસ્તીમાં હિસ્સો ધરાવનાર કોળી પાસે માત્ર ૧૭ ટકા જમીન હતી. આમ, અનાવિલોની સરખામણીમાં કોળી <u>ખેડૂતો</u> પાસે જમીન ધારણનું કદ ખૂબ જ ઓછું હતું. એટલું જ નહી બ્રેમનના કહેવા પ્રમાણે ગામની બગાયતી જમીન જે વિશેષ ફળદ્રુપ મનાય છે તેના માલિકો મોટાભાગે અનાવિલ <u>ખેડૂતો</u> હતા જ્યારે કોળી <u>ખેડૂતોમાં</u> મોટેભાગે હલકી ફળદ્રુપતાવાળી જમીન હતી. કોળી <u>ખેડૂતોના</u> સંદર્ભમાં ઉપરમુજબનો મત દક્ષિણ ગુજરાતના બીજા અભ્યાસુ .. વાન ડેર વનિ પણ ધરાવતા હતા.

પ્રો. પુનાલેકર અને દીપાંકર ગુપ્તાના અન્ય જ્ઞાતિઓના સંદર્ભમાં કોળીઓની સ્થિતિ વિશે લખે છે કે જમીન ધરાવતી કોમોમાં કોળીઓની સ્થિતિ ઉતરતી રહેવા પામી છે. તેઓમાં કેટલાકને ખેતી વિષયક અને બીજી મજૂરી કરવી <u>પડે</u> છે. જ્યારે આવું વલણ બ્રામણ, પાટીદાર અને રાજપુત જેવી ઉપલી જ્ઞાતિમાં જોવા મળતું નથી.

દક્ષિણ ગુજરાતમાં જે પ્રમાણે કોળીઓ પાસે ઉપલી કોમના સંદર્ભમાં જમીન ધારણનું કદ ઓછું છે તેવું જ સમગ્ર ગુજરાતના કોળીઓના સંદર્ભમાં છે. અલબત કોળીઓ તેનાથી પછાત કોમો તથા આદીવાસીઓ કરતાં વધુ પ્રમાણમાં જમીન ધરાવે છે. આ બાબતે પ્રો. ઘનશ્યામ શાહે સને ૧૯૮૫માં એકત્ર કરેલ ગુજરાતના સો ગામોના આંકડા રસપ્રદ છે.

આમ સને ૧૯૬૦ સુધીના અરસામાં જે પ્રમાણે કોળી <u>ખેડૂતો</u> પાસે ઉપલી કોમના <u>ખેડૂતોની</u> સરખામણીમાં જમીનધારણનું કદ નીચું હતું તે સને ૧૯૮૫ સુધીમાં પણ રહેવા પામ્યાં છે. પણ અહી એક સવાલ એવો ઉપસ્થિત થાય કે એકંદરે નાના અને સિમાંત કહી શકાય તો કોળી <u>ખેડૂત</u> પાસે એકસરખા કદમાં જમીન ધરાવે છે ખરા? આ પ્રશ્ન તપાસીશું.

**કોળી <u>ખેડૂત</u> પાસે જમીન**

સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત દ્વારા દક્ષિણ ગુજરાતના કેટલાક તાલુકાઓના હાથ ધરાયેલા સંશોધનમાં એવું પ્રતિપાદન કરાયું છે કે પ્રાથમિક રીતે કોળી કોમ તરીકે <u>ખેડૂત</u> હોવા છતાં તેઓ પાસે સરખા કદના ખેતીની જમીનના માલિક નથી.

ડેરી અંગે હાથ ધરાયેલા એક અભ્યાસમાં દક્ષિણ ગુજરાતના બે ગામના ૩૨ કોળી <u>ખેડૂતોના</u> આંકડા એકત્ર કરાયા હતા. જેમાં ૧૨ કુટુંબો પાસે અઢી એકર કરતાં ઓછી, ૫ કુટુંબો પાસે અઢીથી પાંચ એકરની વચ્ચે, ૮ કુટુંબો પાસે નવ એકર સુધીની, ૩ કુટુબો પાસે નવથી બાર એકર સુધીની અને ફક્ત ૬ કુટુંબો પાસે બાર એકરથી વધું જમીન હતી.

સુરત શહેરની નજીકમાં વસતા એક ગામના કોળી <u>ખેડૂતોના</u> જમીન ધારણાના આંકડા પણ તેઓ પાસે સરખા કદમાં જમીન નથી તેવું જ સુચવતા હતા. દામકા તા. ઓલપાડના આ અભ્યાસમાં ૧૩૦ કોળી કુટુંબો પૈકી ૧૬ જણ પાસે એક એકરથી ઓછી, ૪૫ જણા એકથી પાંચ એકર વચ્ચે, ૧૯ જણા પાંચથી દશ એકર વચ્ચે, ૧૨ જણા દશથી પંદર એકર વચ્ચે ફક્ત ૧ જણ પાસે પંદર એકરથી વધારે અને ૧૭ જેટલા <u>ખેડૂતો</u> જમીનવિહોણા હતા. દક્ષિણ ગુજરાતમાં અન્ય કેટલાક અભ્યાસો પણ દરેક કોળી <u>ખેડૂત</u> પાસે સરખા કદની જમીન નથી એ જ હકીકતનું સમર્થન કરે છે.

ઉદાહરણ તરીકે જોન બ્રેમેને ગણદેવી ગામમાંથી ૩૨ કોળીઓ પાસે એકત્ર કરેલી જમીન ધારણની માહિતી પ્રમાણે ૫ કોળી જમીન વિહોણા, ૨૦ ત્રણ એકરથી ઓછી જમીનવાળા, ૪ પાસે ત્રણ થી છ એકર સુધીની, ૨ પાસે સાતથી સોળ એકર સુધીની, અને ૧ પાસે સોળથી વધું એકર જમીન હતી. ગુજરાતભરના છસો ગામોના કરેલા એક સર્વેક્ષણમાં એકત્ર કરેલા આંકડા પણ દર્શાવે છે કે દરેક કોળી પાસે સરખા કદની જમીન નથી. આ સર્વેક્ષણમાં કુલ

૩૯૦૧ કોળી ખેડૂતોની માહિતી એકત્ર કરાઈ હતી. જેમાં ૬૬ ટકા પાસે દોઢ એકર કરતાં ઓછી, ૧૩ ટકા પાસે ૫ થી ૧૫ એકર વચ્ચે અને ૧૧ ટકા પાસે ૧૫ એકરથી વધું જમીન હતી.

કોળી જમીન..પ્રમાણ અંગેની આ તમામ હકીકતો અને આંકડા પરથી ફલિત થાય છે કે કોળીઓ આજે પણ મુખ્યત્વે નાના કે સિમાંત પ્રકારના ખેડૂત છે. આમ છતાં કોળીઓમાં નાનકડું જૂથ એવું છે કે જેઓ પાસે જમીન પ્રમાણ ઉપલીકોમના ઘણાખરા ખેડૂતોની માફક વધું છે. આમ, કોઈ એક ગામના કોળી ખેડૂતો વચ્ચે અંદરોઅંદર જમીનધારણ બાબતે તફાવેત રહેલા છે.

**કોળી ખેડૂતોની સ્થિતિ**

સને ૧૯૬૦ પછી ખેતીને ક્ષેત્રે થયેલ ફેરફારોનો લાભ લેનારાઓમાં વિશેષત..કરીને અન્ય કોમની માફક કોળી કોમમાં પણ મોટા ખેડૂતો હતા. જ્યારે બહુજન નાના અને સિમાંત ખેડૂતો તેનાથી વંચિત રહેવા પામ્યા. કોળી જૂજ મોટા ખેડૂતો વધું રોકાણ માંગી લે તેવા ટ્રેકટર, થ્રેસર, ઈલેકટ્રીક મોટર, ઓઈલ એન્જીન, દવા છાંટવાનો પંપ વિ. સાધનો વસાવી શક્યા આ માટે તેઓને લોનની સગવડ પણ મદદરુપ નીવડી. સુધરેલ ખેતઓજારો ઉપરાંત સુધરેલ બીયારણ, જંતુનાસક દવાઓ, રસાયણિક ખાતરો, બજાર વ્યવસ્થા, વિસ્તરણ સેવા, સિંચાઈ વિગેરેનો લાભ પણ મળવા પામ્યો. જેને કારણે તેઓ વધું ને વધું બાગાયતી કે શેરડી, કેળ અને શંકર..૪ કપાસ જેવા રોકડીયા પાક પકવીને માલેતુજાર થઈ શક્યો. તેઓની સુધરેલી આર્થિક સ્થિતિને કારણે તેઓ ખેતી સિવાયના ધંધામાં પણ રોકાણ કરી શક્યા. આ રીતે તેઓના પૈસાઓનું ટર્નઓવર વધતાં સ્થિતિ સુધરવા પામી. જે તેઓના ઘરની મિલ્કત, નવા બનાવેલા ઘરો, છોકરાઓના શિક્ષણ વિગેરેમાં જોવા મળે છે.

બહુજન કોળી કે જે નાનો કે સિમાન કે જમીન વિહોણો હતો તેની સ્થિતિમાં મૂળભૂત રીતે કોઈ ફેરફાર થયો નહી. ઉલટાનું તેઓમાં કેટલાકની સ્થિતિ વધું કથળવા પામી. આ સંર્દભે પ્રો. જોન બ્રેમેન તેમના અભ્યાસમાં બે કોળી મજૂરોની સ્થિતિનું વર્ણન કરતાં લખે છે.. 'આ બે કોળીઓમાનો એકનો બાપ મર્યો ત્યાં સુધી બાજુના ગામના એક અનાવિલનો ગણોતિયો હતો. આ કોળી ઉત્તરદાતા પણ હમણા સુધી ગામમાં જમીન ભાગે ખેડતો હતો. પણ જ્યારથી તેણે બળદની જોડ ગુમાવી ત્યારથી તે તેમ કરી શકતો નથી. વધારામાં હાયર સેકન્ડરી સુધી પહોચેલા તેના છોકરાને આગળ ભણાવવાને માટે પણ પૈસા ખરચી શકે તેમ ન હતો. આમ, કોળીઓમાં ગરીબી વધી રહ્યાનું કહેવાને માટે કોઈ કારણ આપવાની જરુર જણાતી નથી.

**ખેતી સિવાયના ધંધામાં**

આ તબક્કામાં ખેતી સિવાયના નોકરી ધંધામાં કોળીઓ વધુંને વધું રોકાય તેવા સંજોગો ઉભા થવા પામે છે. ચોક્કસ કેટલી સંખ્યામાં કેટકેટલા કોળીઓ રોકાયેલા છે તેના આંકડા ઉપલબ્ધ નથી. આમ છતાં, કેટલાક આ અરસામાં ઉભા થયેલા કોળી મંડળોએ તેમના કાર્યક્ષેત્ર હેથળના ગામોના કોળી સભ્યોના ધંધા વિષયક માહિતી એકત્ર કરવાનું બીડું ઝડપ્યું છે. જો કે ઘણાખરાં મંડળો આ કામ સરળતાપૂર્વક પુરું કરી શક્યા નથી.

અહી શ્રી તળપદા કોળી પટેલ સમાજ, સુરત (કે જેનું કાર્યક્ષેત્ર સુરત શહેર, ઓલપાડ અને ચોયાર્સી તાલુકાના તળપદા કોળીઓ પુરતું મર્યાદિત છે) નામક મંડળના કાર્યક્ષેત્ર હેથળના ૧૦૬ ગામના એસ. એસ. સી. કે તેથી વધુ ભણનારા તેમજ નોકરી ધંધો કરનાર કુલ ૨૯૦૬ તળપદા કોળીઓ સને ૧૯૭૯માં હતા તેનું પૃથ્થકરણ કર્યુ છે.

**વ્હાઈટ કોલર જોબ.. (કુલ ધંધા ૬૪) .. ..** કલાર્ક ૫૩૫, શિક્ષકો ૪૩૯, અભ્યાસ ૨૬૫, તલાટી ૧૦૪, કંડકટર ૯૩, પટાવાળા ૭૬, નોકરી ૪૫, ઈજનેર ૪૦, મેનેજર ૩૧, ઓફિસર ૩૨, હેલ્થ ખાતું ૨૪, લેકચરર ૨૨, કેશીયર ૧૮, સેક્રેટરી ૧૮, કેમીસ્ટ ૧૮, એકાઉન્ટન્ટ ૨૦, સર્વેયર ૧૬, ડોકટર ૧૫, ગ્રામ સેવક ૧૪, આચાર્ય ૧૨, સેલ્સમેન ૧૩, રેલ્વેમાં ૧૧, મામલતદાર ૧૦, કોન્ટેબલ ૧૦, પોસ્ટખાતું ૧૫, કેનલ ઈનપેકટર ૯, નર્સ ૮, નિરીક્ષક ૮, લાંચ રુસ્વત ખાતું ૭, ટાઈપસ્ટિ ૬, સ્ટોરકીપર ૬, ખેતીવાડી ખાતું ૭, એજન્ટ ૪, લેબોરેટરી ૬, ઓવરશીયર ૫, પશુ ડોકટર ૪, સચિવ ૨, ઓડિટર ૪, કસ્ટમ ઈનસપેકટર ૨, પેઈન્ટર ૨, એડવાઈઝર ૧, આસિસટન્ટ કમિશ્નર ૧, એપ્રેન્ટીશ ૧, આંકડા મદદનીશ ૧, ઈનકમટેક્ક્ષ પ્રકટીશનર ૧, સબ ઈન્સપેક્ટર ૧, કન્સલટન્ટ ૧, મેનેજમેન્ટ ૧, મેજીસ્ટ્રેટ ૧, નાયબ કલેકટર ૧, રેન્જર ૧, સ્ટેનો ૫, સ્ટોરમાં ૬, સુગર ફેકટરીમાં ૧, ટીકીટ ચેકર ૨, વકીલ ૩, હાડવૈદ ૧, અમેરીકામાં ૧, કંટ્રોલર ૪, નાઝર ૧.

**ટેકનીકલ .. .. કુલ ધંધામાં ૩૪**
સૂપરવાઈઝર ૭૫, વાયરમેન ૪૪, ટર્નર ફીટર ૩૯, હેલ્પે ૩૦, મેકેનિક ૨૭, ઓપરેટર ૨૦, વોરપોર ૧૩, ટ્રેસર ૮, ઈન્સટક્ટર ૧૦, ટેકનિકલ આસીસટન્ટ ૬, ટુલ્સ ફોરમેન કૈપલ અને અન્ય ઈનપેકટર ૬, ટેકનીશ્યન ૩, વેલ્ડર ૧, વીવીંગમાસ્ટર ૨, ખલાસી ૫, એસ્રૂ. ાતામાં ૪, કારીગર ૪, લાઈનમેન ૨, મોટર રીવાન્ડર ૧, પ્લાન્ટમેનેજર ૧, રગિફ્રેમ ૩, રેડીઓ રીપેરર ૨, ડ્રાઈવર ૨૭, રેલ્વે એન્જીન ડ્રાઈવર ૨, કોમ્પ્યુટરમાં ૨, ડ્રાફ્ટમેન ૭, ફોટોગ્રાફર ૩, ફાયર બ્રીગેઈડ ૨, ફોલ્ડર ૧, ઈન્ડસટ્રીઝમાં ૧, જોબર ૧૫, એટેન્ડેન્ટ ૧૦, ઈન્સ્ટ્રુમેન્ટ મેકેનિક ૧, બેટરીમેન ૧.
**કારીગર તરીકે કુલ ધંધા ૬ .. ..** હીરાઘસુ ૪૧, લુહારીકામ ૯, દરજીકામ ૧, સુથારીકામ ૬, સાઉદી એરબીયામાં ૧, શોર્ટર ૩.
**બિનકસબી મજૂર તરીકે કુલ ધંધા ૫ ..**કામદાર ૨૧, કેન્ટીનમાં ૧, વોચમેન ૨, પોર્ટર ૨, પાટકરી ૧,
**સ્વતંત્ર ધંધાના માલિકના ધંધામાં ખેતી સિવાયના ૬ ..** પ્રોપ્રાયટર ૫૪, ધંધા ૩૫, કોન્ટ્રાકટર ૨૪, વેપાર ૧૦, હીરાના કારખાનેદાર ૩, ધંધામાં ભાગેદારી ૩.
પૃથ્થકરણ જોતાં ખ્યાલ આવે છે કે કોળીઓમાં ખેતીની માફક ખેતી સિવાયના ધંધાઓમાં પણ અંદરોઅંદર પુષ્કળ વૈવિધ્ય રહેલું છે. વ્હાઈટ કોલર જોબ પૂરતી વાત કરીએ તો તેઓમાં કલાર્ક, શિક્ષક, તલાટી, કન્ડકટર, વિ. થી માંડીને ઓફિસર, મેનેજર, સચિવ વિ. કક્ષા સુધીની નોકરીઓમાં મળી આવે છે. અલબત બહુજન નોકરીકર્તા કોળી શિક્ષક, તલાટી, કલાર્ક વગેરે મધ્યમ દરજ્જાની કક્ષાની નોકરીઓમાં મળી આવે છે. જ્યારે જૂજ સંખ્યામાં તેઓ લેકચરર, સચિવ, ડોકટર, મેજીસ્ટ્રેટ, વકીલ વગેરેમાં છે.

**કોળીઓનું દેશવિદેશમાં સ્થળાંતર અને તેઓના વ્યવસાયો.**

સને ૧૯૬૦ પછીના વર્ષોમાં ઉત્તરોત્તર દક્ષિણ ગુજરાતના કોળીઓમાં શહેરીકરણની પ્રક્રિયા વેગવંતી બને છે. દા. ત. સને ૧૯૮૩..૮૪ના વર્ષમાં શ્રી વલસાડ માંધાતા પટેલ વિધ્યોત્તેજક ફંડ અને સેવા મંડળ દ્વારા વલસાડના બાર ગામની વસ્તી ગણત્રી મુજબ કુલ ૨૫૦૦ની વસ્તીમાં ૬૦ ટકા ગામના અને ૪૦ ટકા શહેરોમાં વસવાટ કરતા હતા. આ અંગે સ્થાનિક વતનમાં ખેતીક્ષેત્રે ઉભી થયેલી રોજીરોડીની કટોકટી, વૈકલ્પિક રોજીરોટીનો અભાવ તેમજ મધ્યમ કે ઉપલાવર્ગના (ઘણેભાગે શિક્ષિત) કોળીઓની આકાંક્ષામાં થયેલ વધારો જવાબદાર છે.
આ તબક્કામાં (સને ૧૯૬૦..૧૯૮૫) માં મુંબઈ, વડોદરા, જમશેદપૂર વગેરે દેશના જુદા જુદા મોટા શહેરોમાં ઔધ્યોગિકરણ વધતા નવી તકો ઝડપી લેવાની કોળીઓને તક મળી. જેનો કેટલાક શિક્ષિતોએ પણ લાભ લીધો.
દેશના દૂરની શહેરોની માફક વતનની આસપાસના સુરત, નવસારી, બીલીમોરા, વાપી, અમલસાડ, ઓલપાડ વગેરે નાના..મોટા શહેરોમાં પણ કામ ધંધાર્થે વસતા કોળીઓનું પ્રમાણ દિન..પ્રતિ..દિન વધતું જાય છે. હજારોની સંખ્યામાં, ખાસ કરીને કાંઠા પ્રદેશના કોળીઓ સુરત..નવસારી વગેરે સ્થળોએ હીરા ઘસવાના કારખાનામાં કામ કરે છે. કેટલાક મીલોમાં અને પરચુરણ ધંધાઓમાં કામ કરે છે. કેટલાક સરકારી..ખાનગી ક્ષેત્રે નોકરીઆતો પણ છે. હીરા ઘસનારા, મિલ કામદારો અને પરચુરણ કામ..ધંધા કરનાર કોળીઓની સ્થિતિ આર્થિક દ્રષ્ટિએ ઉતરતી કોટીની છે. અનેક પ્રતિકૂળ કામની પરિસ્થિતિમાં તેમને કામ કરવું પડે છે. માસિક ૪૦૦ થી ૭૦૦ રુપીયા સુધી હીરાના કારીગરો કમાય છે.
તેઓના ધંધામાં ભારોભાર અનિશ્ચિતતા પ્રર્વતે છે. આમ, શહેરી કોળીઓમાં અંદરોઅંદર ખૂબ જ સુક્ષ્મ તફાવતો રહેલા છે.

**વિદેશોમાં કોળી**

દેશના શહેરોની માફક વિદેશોમાં પણ કોળીઓનું સ્થળાંતર વધવા પામે છે. આ તબક્કામાં હવે કોળીગામના લોકો પણ લગ્ન થકી કે બીજી રીતે જવાની તક મળતી હોય તો તે ઝડપી લેતો થાય છે. આમ, આજથી સો વર્ષ પૂર્વે કાંઠા પ્રદેશના ગામોમાંથી પ્રદેશમાં જનારા હતા તે હવે રહ્યું નથી. અલબત હજી પણ પરદેશમાં વસનારા કોળીઓનો સિંહભાગ કાંઠા પ્રદેશના .. મિઢોળા અને અંબિકા નદી પટામાં વસતા કોળીઓ જ છે.
આજે દક્ષિણ ગુજરાતનો કાંઠા પ્રદેશ ખાસ કરીને .. મિઢોળા અને અંબિકા નદી પટાનાં ગામોના કોળીઓ ગામે ગામે અને કરાડી, મટવાડ, દાડી વગેરે ગામોમાંથી તો ઘરે ઘરથી ગામ છોડીને દૂર દૂરથી દૂનિયાના દેશો ખૂદી વળ્યા છે. જેમાં પુર્વ અને દક્ષિણ આફ્રિકા, ઝાંબિયા, ઝીમ્બાબવે, ઈંગ્લેન્ડ, જર્મની, બર્મા, મલેશિયા, મોરેશીયસ, ઉપરાંત ફિજી, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, અંમેરિકા, કેનેડા વગેરે દેશોમાં પહોચ્યા છે. આમાંના આફ્રિકા ન્યુઝિલેન્ડ વગેરે દેશોમાં તેઓનો વસવાટ ચાર પેઢી પૂર્વેનો છે.

હવે પરદેશમાં વસતા કોળીઓ નાના..મોટા ઉધ્યોગ અને વેપારમાં આગળ વધ્યા છે. અંમેરિકા અને કેનેડામાં વસતા કોળીઓએ 'મોટેલો' શરુ કરી છે. ન્યુઝીલેન્ડના કોળીઓએ ડેરી ઉ ધ્યોગ, ફળો અને શાકભાજીની દુકાનો ચલાવે છે. દક્ષિણ આફ્રિકા, ઝાંબિયા અને ઝિમ્બાબવેમાં નાની..મોટી દુકાનો વગેરે વ્યાપાર ક્ષેત્રે રોકાયેલા છે.

પરદેશમાં વસતા કોળીઓએ સમય..સંજોગોને અનુરુપ ધંધાઓ બદલ્યા છે. અગાઉ ઉલ્લેખ કર્યો તે મુજબ મજુરી, છુટક ફેરી વગેરે પડતાં મુકીને હવે તેઓ નાના..મોટા વેપાર વાણિજ્યમાં રોકાયા છે. કેટલાક કોળીઓ ધંધામાં એટલા બધા આગળ વધયા છે કે અંગ્રેજોને પોતાને ત્યાં નોકરી પર રાખે છે.

સ્વતંત્ર ધંધા ઉપરાંત વિદેશમાં વસતા કેટલાક કોળીઓ નોકરી..ધંધામાં પણ છે. દેશના શહેરી નોકરીયાતોની માફક વિદેશના શહેરી કોળી નોકરીયાતોમાં પણ વિવિધતા રહેલી છે. ડોકટર, વકીલ, કોમ્પુટર ઈન્જીનીયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની માંડી શિક્ષક, ક્લાર્ક, નર્સ વગેરે કામ કરનારાની સંખ્યા પણ મોટી છે.

ઈંગ્લેન્ડ સ્થિત અબ્રામા તા. નવસારી ના સુમનભાઈના કહેવા પ્રમાણે ઈંગ્લેન્ડમાં પણ વર્ગો જોવા મળે છે. મર્સિડીસ કારવાળા અને વગરના. ત્યાં પણ ગરીબ અને તવંગર એવા બે વર્ગો કોળીઓમાં છે જ.

**અખાતી દેશોમાં કોળી**

સને ૧૯૭૦ પછી કાંઠા પ્રદેશના સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા કોળીઓએ રોજી..રોટી માટે અખાતી દેશોમાં તક ઉભી થતાં કામ અંગે જવાનું શરુ કર્યુ ત્યાં તેઓ ટેકનિકલ ક્ષેત્રના કામો કરે છે જેમાં ટર્નર, ફીટર, વેલ્ડર, રિગર, ઓપરેટર, વાયરમેન, ડ્રાયવર ઉપરાંત સુથારી, લુહારી, કડિયા, વગેરે કારીગર તરીકેના કામો કરે છે.

અખાતી દેશોમાં દુબઈ, મસ્કટ, આબુદાબી વગેરે સ્થળોએ જાય છે. અહી ગયેલા કોળીઓની વિશિટતા એ છે કે તેઓ અખાતી દેશોમાં એ કે બે વર્ષ પૂરતું કામચલાવ સ્વરુપનું સ્થળાંતર કરે છે. એથી તેઓ સ્ત્રી સભ્યોને સાથે લઈ જતા નથી. એક બે વર્ષ થોડું કમાઈને આવે પછી તક મળતાં ફરી જાય છે. પ્રમાણમાં તેઓનું પગારધારણ ઉચ્ચું હોવાને કારણે તેઓ ઘરોનું સમારકામ કે નવા ઘરો બનાવી શક્યા છે. જે તેઓની સુધરેલી આર્થિક પરિસ્થિતિનું સુચક કહી શકાય. અખાતી દેશોમાં જનારા કોળીઓમાં પૂર્વેના સચીન સ્ટેટના ગવિયર, દુમ્મસ, ભીમપોર, સુલતાનાબાદ વગેરે ગામોના મતિયા કોળીઓ મોખરે છે.

**કોળીઓની શૈક્ષીણક સ્થિતિ**

કોળી શિક્ષણનો તબક્કો.. સને ૧૮૮૫ થી ૧૯૨૫.. .. આ તબક્કામાં કોળી કોમની ગણતરી 'અભણ કોમ' તરીકેની થતી. અલબત કોળીઓમાં તમામ અભણ નહોતા. એકંદરે કોળી કોમની બહોળી વસ્તી સંખ્યાનું પ્રમાણ (સુરત જીલ્લાની કુલ વસ્તીમાં છઠ્ઠો ભાગ) જોતાં કોળીઓમાં ઓછી સંખ્યામાં ભણેલા હતા તેથી આવી સામાન્ય માન્યતા પ્રવર્તતી હતી.

હકીકતમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં કોળીઓએ સૌ પ્રથમ શિક્ષણ લેવાની શરુઆત કરી હતી તેવા પુરાવાઓ મળે છે.

આ સમયે બ્રિટિશ હકુમત હેથળના વિસ્તારના ગામડામાં શાળાઓ મહાશાળાઓ નહિવત હતી. જે હતી તે મોટા શહરોમાં જ હતી. એટલે ગામડામાં વસતો બહુજન ગરીબ કોળી જ્ઞાનપ્રાપ્તિ કરી ના શક્યો. આ સમયે મુંબઈ, અમદાવાદ, સુરત જેવા શહેરોમાં રહી શકાય તેવા સ્થિતિપાત્ર જૂજ સંખ્યાનાં કોળીઓ જ શિક્ષણ મેળવી શક્યા.

વીસમી સદીની શરુઆતમાં અંગ્રેજોને દેશના વહીવટ માટે કારકુનોની જરુર પડી ત્યારે તેમણે અનેક શિક્ષણ સંસ્થાઓની શરુઆત કરી. મુંબઈ, અમદાવાદ, સુરત જેવા શહેરોમાં વધું અભ્યાસ માટેની અને મોટા ગામડાઓમાં ચાર પાંચ ચોપડી ભણવાની સગવડ ઉભી થઈ. આને કારણે કાંઠા પ્રદેશ સહીત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ મેળવવાનો જૂજ સ્થિતિપાત્ર કોળીઓને મોકો જરુર મળ્યો હતો.

વીસમી સદીની શરુઆતના દાયકામા જૂજ સંખ્યામાં પ્રાથમિક કેળવણી પ્રાપ્ત કરેલા આ કોળીઓએ જ્ઞાતિમાં કેળવણી વધે તેવા પ્રયત્નો પણ કર્યા. તેઓ એવું માનતા કે જો કોમને તેનો દરજ્જો સુધારવો હોય તો તેમાં શિક્ષણ જરુરી છે. તેથી તેઓએ કોમમા શિક્ષણ વધે તેવા પ્રયત્નો કર્યા. આવા પ્રયત્નો ગણદેવી, નવસારી, ઓલપાડ શહેરોમાંથી વિ. દક્ષિણ ગુજરાતના વિવિધ ઠેકાણેથી થવા પામ્યા. જ્ઞાતિ પંચના પટેલો પણ આ પ્રમાણે કેળવણીનો પ્રચાર કરતા. ઓલપાડ..ચોર્યાસી તાલુકામાં 'કોળી કોમ હિતર્વધક મંડળ' ના કાર્યવાહકો પણ કેળવણીનો પ્રચાર વધે તે માટે ઠેરઠેર સભાઓમાં ભાષણ કરતા.

પરદેશ ગયેલા કોળીઓને પણ જ્ઞાતિની ઉન્નતિ કેળવણીમાં જણાઈ. ૧લી નવેમ્બર ૧૯૧૪ના જોહનેસબર્ગ ફોર્ડ સ્ટ્રીટ ૫૨ આવેલા ગોલ્ડબર્ગ બાયસ્કોપ હોલમાં વિઠ્ઠલભાઈ જોગીભાઈ, મંત્રીશ્રી, શ્રી ટ્રાન્સવાલ કોળી હિતર્વધક મંડળ જોહનેસબર્ગે કેળવણીની આવશ્યકતા પર ભાષણ કરી દરેક માણસે કેળવણી લેવી જોઈએ એવું ભારપૂર્વક જણાવ્યું. સદીની શરુઆતના દાયકાઓમાં જ્ઞાતિપંચ અને જ્ઞાતિ આગેવાનોના પ્રયત્નોને પરિણામે કોળીઓમાં પ્રાથમિક શાળાનું શિક્ષણ મેળવવું શક્ય બન્યું.

પ્રથમ વિશ્વયુધ્ધના સમયે કોળીઓમાં શિક્ષણ પ્રમાણ ઉપલી જ્ઞાતિના સંદર્ભે નહિવત હતું. પણ શિક્ષણની શરુઆત થઈ ચૂકી હતી એમ અવશ્ય કહી શકાય. આ પછી ના વર્ષોમાં કોળીઓના કેટલાક મંડળોએ જ્ઞાતિમાં શિક્ષણ વધે તેવા વ્યવસ્થિત પ્રયત્નો શરુ કરી દીધા હતા.

સને ૧૯૧૬માં ‘શ્રી કોળી યુવક મંડળ, સુરત વિભાગ’ ની સ્થાપના કરવામાં આવી જેનો હેતું જ્ઞાતિના બાળકોને કેળવણીમાં ઉત્તેજન આપવાનો અને આ માટે મફત પુષ્તક મેળાવડા, ઈનામો, મંડળે માન પત્રો આપવા અને ગરીબ વિધ્યાર્થી માટે ફંડ કરી બોર્ડીંગ ખોલવાનો હતો. મંડળે કોળી વિર્ધ્યાથીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હતુસર તા. ૧૦.૧.૧૯૧૭ના રોજે પ્રથમ ‘શ્રી કોળી વિર્ધ્યાથી આશ્રમ .. નવસારી’ શરુ કર્યો. આ આશ્રમની શરુઆત કરનાર રણછોડભાઈ હતા. તેઓ મટવાડ તા. જલાલપોર નવસારીના હતા. ‘શ્રી કોળી વિર્ધ્યાથી આશ્રમ .. નવસારી’ નો મુખ્ય હેતું નવસારી ખાતે બહારગામથી કેળવણી લેવા માટે આવતા જ્ઞાતિના વિર્ધ્યાથીઓને રહેવાની સગવડ કરી આપી શિક્ષણમાં પ્રોત્સાહન આપવાનો હતો. આશ્રમમાં દરકે વીસ વિર્ધ્યાથીએ એક ગરીબ અને લાયક વિર્ધ્યાથીને મફત રાખવામાં આવતો.

આશ્રમમાં રહીને સેંકડોની સંખ્યામાં દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગમાંથી કોળીઓએ લાભ મેળવ્યો હતો. ડિસેમ્બર ૧૯૨૧નાં પાંચ વર્ષના અંતે આશ્રમમાં રહીને ૧૨૯ વિર્ધ્યાથીઓએ લાભ લીધો હતો. અને સાતમાં વર્ષને અંતે કુલ ૨૫૦ જેટલા વિર્ધ્યાથીઓ એ લાભ લીધો હતો.

‘શ્રી કોળી વિર્ધ્યાથી આશ્રમ .. નવસારી’ ફક્ત કોળીઓમાં શિક્ષણ વધે તેવાજ પ્રયત્નો કરતું ન હતું પણ કોળીઓનું શિક્ષણ વિવિધ ક્ષેત્રોમાં પ્રસાર પામે તે માટે પ્રયત્ન કરતું હતું. આશ્રમના કાર્યવાહકો જ્ઞાનિતો જે કોઈ વિર્ધ્યાથી હુન્નર ..ઉધ્યોગ શીખવા ઈચ્છા ધરાવતો હોય તો તેને પણ ગોઠવણ કરી આપતા. આને કારણે કોળીઓમાં શરુઆતથી જ શિક્ષણ વૈવિધ્યસભર બનવા પામ્યું. કોળી મંડળ અને જ્ઞાતિ હિતેચ્છુઓના પ્રયત્ન છતાં પ્રથમ તબક્કા સને ૧૯૨૫ ના અંતે કોળી શિક્ષણનું પ્રમાણ અત્યંત નીચું રહેવા પામ્યું.

જાતિવાર શિક્ષણ પ્રમાણ જોઈએ તો સને ૧૯૨૦માં વર્નાક્યુલર ફાઈનલ પાસ જાહેર થયેલા કોળી નામો સુરત જીલ્લાના પારડી, જલાલપોર, ચીખલી, બારડોલી, સચીન સ્ટેટના બધા મળીને ૨૩ નામો હતા જેમાં એક પણ સ્ત્રી સભ્યનું નહોતું.

સને ૧૯૨૧માં કેળવણી અંગે સમીક્ષા કરતાં કોળી લેખક જીવણજીભાઈ દુર્લભ લખે છે કે.. .. ‘સુરત જીલ્લાની ૯૨ હજારની વસ્તીમાંથી ગુજરાતી ઠીક ભણેલા તો સેંકડે એક પણ મળવા મુશ્કેલ છે. સાધારણ લખતાં વાંચતા આવડે એવા સેંકડે એકાદ બે હશે. પુરુષોમાંથી એ પ્રમાણ કદાચ નીકળે પણ સ્ત્રીઓમાંથી બિલકુલ જ કાઢી શકાય નહી. ૯૨૦૦૦માંથી ફક્ત ૪..૫ સ્ત્રીઓ ઠીક ભણેલી જણાશે. તે ઉપરાંત સાધારણ લખતાં વાંચતા આવડે એવી સ્ત્રીઓનું પ્રમાણ પણ સેંકડો ઉપર જ કાઢી શકાય. ગુજરાતી કેળવણીમાં તદ્દન પછાત છે. તો પછી ઉચી કેળવણીની તો વાત જ શી કરવી. અંગ્રેજીમાં લઈએ તો આખા જીલ્લામાંથી સાત..આઠ મેટ્રીક સુધી ભણેલા નીકળશે.

અને આજ સુધીમાં ફક્ત એક જ વિર્ધ્યાથી ૯૨૦૦૦ની વસ્તીમાંથી મેટ્રીક પાસ થઈ ઉચી કેળવણી માટે અભ્યાસ કરે છે. ભાઈશ્રી રણછોડભાઈ પ્રાગજીભાઈ, કકરાડ, તા. જલાલપોર સેંઈન્ટ ઝેવિયર્સ કોલેજ મુબઈમાં ઈન્ટર મિડિયેટ બીજું વર્ષ. ઔધ્યોગિક કેળવણીમાં જોઈશું તો ઈજનેરી કામ શીખેલા ફક્ત દસ..બાર માણસ નીકળશે અને સુથારી, લુહારી, વણાટ, દરજી વગેરેમાં એકાદ બે નીકળે તો સારું. ટુંકમાં એ જ કે ‘છેક અભણ કોમ’ આ ત્રણ શબ્દમાં બધું જ સમાઈ જાય છે.

આમ, સને ૧૯૨૫ના અંતે દક્ષિણ ગુજરાતના વિવિધ પ્રાદેશિક વિભાગેમાં કોળીઓના વિવિધ પેટા સમુહોમાં જાતિવાર વત્તા ઓછા પ્રમાણમાં શિક્ષણ લેનારાઓએ કોળીઓમાં વૈવિધ્ય લાવવામાં ફાળો આપ્યો હોઈ તે શક્ય છે. રાજકીય અને બીજી બાબતોમાં પણ કોળી શિક્ષીતોની આંકાક્ષા ઉપર ઉઠવા પામી હોઈ તેવું કહી શકાય.

**બીજા તબક્કામાં કોળી શિક્ષણ.. સમયગાળો સને ૧૯૨૫ થી સને ૧૯૬૦**

પ્રથમ તબક્કામાં કોળીઓમાં શિક્ષણની શરુઆત થવા પામે છે. સને ૧૯૨૫ની આસપાસના વર્ષોમાં અંગ્રેજોને વહીવટ કરવા માટે મોટી સાંખ્યામાં કારકુન, ટાઈપીસટ, તલાટી, પટાવાળા વગેરેની માંગ હતી જેને પહોંચી વળવા શિક્ષણ સંસ્થામાં વધારો કરવાની ફરજ પડી હતી.

બીજા તબક્કામાં શિક્ષણની માંગ વધવા પામી અને તે માંગને પહોંચી વળવાના ભાગરુપે પ્રાથમિક જરુરિયાત સમા શાળાના મકાનો અને શિક્ષકોની સગવડ દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઉપલબ્ધ બનવા પામી. શિક્ષણની આ વધેલી સગવડનો લાભ કોળીઓએ પણ લીધો હશે એવું કલ્પી શકાય. જ્ઞાતિ મંડળે પણ શિક્ષણનો વધુને વધુ લાભ મળે તે માટેના અગાઉના તબક્કાના પ્રયત્નો ઉત્તરોત્તર વધારતા ગયા તે વિષે જોઈશું.

**જ્ઞાતિમંડળોના શિક્ષણ વધારવાના પ્રયત્નો**

સન ૧૯૧૭માં ‘શ્રી કોળી વિધ્યાર્થી આશ્રમ .. નવસારી’ નું પોતાની માલિકીનું મકાન બનાવ્યું. આ અંગે દેશ..વિદેશના સ્થિતિપાત્ર કોળીઓએ જરુર નાણાકિય મદદ આપી. સુરત જીલ્લાના અન્ય ભાગોમાં પણ કોળી શિક્ષણને પ્રોત્સાહન મળે તે માટે આશ્રમો શરુ કરવામાં આવ્યા.

સને ૧૯૨૫માં બારડોલી ખાતે એક કોળી વિધ્યાર્થી આશ્રમ શરુ કરવામાં આવ્યો. જેનો બારડોલી તાલુકા ઉપરાંત બાજુના માંડવી, મહુવા, પલસાણા, કામરેજ અને વ્યારા તાલુકાના ગામોના કોળીઓએ લાભ લીધો.

સુરતમાં રહી કોળી જ્ઞાતિના વિધ્યાર્થીઓ ભણી શકે તે માટે સને ૧૯૪૨ના જુન મહિનામાં સુરત શહેરમાં નાનપુરા ખાતે એક વિધ્યાર્થીગૃહ શરુ કરાયું. આ વિધ્યાર્થીગૃહ ‘શ્રી સુરત જીલ્લા કોળી હિતરક્ષક મંડળ’ નામે હતું. આ આશ્રમના કાર્યવાહકો જ્ઞાતિના શિક્ષિતો અને આગેવાન કોળી હતા. સને ૧૯૫૮માં ચીખલી તાલુકામાં ‘શ્રી ચીખલી તાલુકા કોળી વિધ્યાર્થી આશ્રમ શરુ કરવામાં આવ્યો. આ આશ્રમના મંત્રી ડો. જસવંતભાઈ એમ પટેલ (વેગામ) અને ચીખલીના રણછોડભાઈ ડી પટેલ હતા. શાળાની સગવડ ધરાવતા કેટલાંક મોટાં ગામોમાં પણ આસપાસના ગામોના કોળી જ્ઞાતિના વિધ્યાર્થી આશ્રમ ચાલુ કર્યાના સમાચારો જ્ઞાતિમાસિકોમાં અવારનવાર પ્રસિધ્ધ થતા હતા. અબ્રામા તા. નવસારીમાં પણ સને ૧૯૩૯ના અરસામાં ‘વસંત આશ્રમ’ નામે એક કોળી વિધ્યાર્થી આશ્રમ હતો. જેમાં અબ્રામા..ખરસાડ, તા. નવસારીની મધ્યે આવેલી હાઈસકુલમાં કાંઠા પ્રદેશના ગામો.. જેવા કે આટ, ઓજલ, મટવાડ, બોરીફળિયા વિ. ના વિધ્યાર્થીઓએ લાભ લીધો હતો. કોળી વિધ્યાર્થી આશ્રમમાં જ્ઞાતિના જરુરિયાતમંદ વિધ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ ઉપરાંત જ્ઞાતિના વિધ્યાર્થીઓને ભણવામાં પ્રોત્સાહન મળે તેવા શુભાશયથી શિક્ષણ સહાય કરવામાં આવતી. આ માટે વર્ષોવર્ષ લોન કે શિષ્યવૃત્તિ પેટે રકમ પણ આપવામાં આવતી.

આઝાદી પૂર્વે જ્ઞાતિના ચોરા કે પંચ પણ આર્થિક રીતે નબળા વિધ્યાર્થીઓને આવા ‘ગરીબ વિધ્યાર્થી સહાયક ફંડ’ નામે પ્રવૃત્તિ ચલાવતા હતા.

શ્રી ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ જેવા કેટલાક મંડળોનો તો મુખ્ય ધ્યેય જ શિક્ષણ સહાય કરવાનો હતો. આ મંડળનો ધ્યેય દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત અને ભરુચ જીલ્લાના કોળી જ્ઞાતિના વિધ્યાર્થીઓને આર્થિક સહાય કરવાનો હતો. આ મંડળના કાર્યવાહકો છેક દક્ષિણ આફ્રિકામાં વસીને પણ જ્ઞાતિના બાળકોમાં શિક્ષણ વધે તે અંગે ચિંતા સેવતા.

સને ૧૯૪૫ના વર્ષથી સને ૧૯૬૧ સુધીના ૧૫ વર્ષના ગાળામાં શ્રી ટ્રાન્સવાલ કોળી હિતવર્ધક મંડળ દ્વારા રુ. ૨૮,૩૦૩ની શિષ્યવૃત્તિ અને રુ. ૫૪,૦૦૦ની લોન વહેંચવામાં આવી હતી જેનો ૩૦૦ વિધ્યાર્થીઓ અને ૨૦૦ વિધ્યાર્થીનીઓએ લાભ લીધો હતા.

આમ, અગાઉ સને ૧૯૨૫ સુધીના તબક્કામાં સુરત જીલ્લામાં શિક્ષણ પ્રમાણ વધે તેવા અનુકુળ સંજોગો ઉભા થયા હતા. ગામડે ગામડે અથવા નજીકના ગામમા શિક્ષણની સુવિધા પ્રાપ્ત થઈ હતી. બીજી તરફ કોળીઓમાં પણ કેટલાક કેળવણી પામેલાઓ અને દશેવિદેશના શહેરોમાં વસેલા કોળીઓને શિક્ષણનું મહત્વ સમજાતાં વિધ્યાર્થીગ્રહ, સ્કોલરશીપ, પુષ્તક સહાય, મેળાવડા, માનપત્ર આપવા વિ. વિવિધ સાધનો દ્વારા કેળવણીનો પ્રચાર થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેની અસર કોળી શિક્ષણ પર થવા પામી.

અગાઉના તબક્કા કરતાં કોળી શિક્ષણનું પ્રમાણ અને વૈવિધ્ય વધવા પામ્યું. ધીરે ધીરે સ્ત્રીઓમાં પણ જાગૃતિ આવતી ગઈ. આ તબક્કામાં પ્રથમ વખત કોળી બહેનો છેક અમદાવાદ જેવા દૂરના શહેરોમાં રહીને પી. ટી. સી. સુધીનું શિક્ષણ મેળવી શકી. સને ૧૯૬૦માં કોળી સમાજમાં ૧૫..૧૭ વકીલ, ૪ ડોકટર અને ૨ ગેઝેટેડ ઓફિસર થયા હતા.

**ત્રીજા તબક્કામાં કોળી શિક્ષણ.. સમયગાળો ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૮૫**

સને ૧૯૬૪માં પંચાયતી રાજની સ્થાપના થઈ. સરકારની શિક્ષણ નીતિ પણ પ્રોત્સાહક રહેવા પામી છે. ગામે ગામે શાળા ઉપરાંત રાહતદરે વિધ્યાર્થીને પાસ, મફત કન્યા કેળવણી, મધ્યાહન ભોજન, બેકારી નિવારણ યોજના, શિષ્યવૃત્તિ યોજના, વિ. ને કારણે શિક્ષણના લાભાર્થિઓની સંખ્યા વર્ષોવર્ષ વધવા પામે છે.

શિક્ષણની ભૌત્તિક સગવડો અને સરકારની કેળવણી અંગેની પ્રોત્સાહક નીતિની સાથોસાથ ઠેરઠેર દક્ષિણ ગુજરાતમાં સને ૧૯૭૦ પછી ઉભા થયેલા કોળી મંડળોએ પણ શિક્ષણ સહાય પેટે લોન,

શિષ્યવૃત્તિ, પુરસ્કાર, સન્માનપત્રો, વિધ્યાર્થીગ્રહો વગેરે દ્વારા કોળી શિક્ષણનો વેગ વધાર્યો છે. અગાઉ ઉલ્લેખ કર્યો તે મુજબ સને ૧૯૭૯માં કોળી જ્ઞાતિને બક્ષીપંચ હેથળ આવરી લેતાં શિક્ષણમાં તેનો લાભ થવા પામ્યો છે. આજે ડોકટર, વકીલ, ઈન્જીનિયર, સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી. આઈ. ટી. આઈ. ડીપલોમા હુન્નર ઉધ્યોગ શીખેલા, એસ. એસ. સી. કે પ્રાથમિક શિક્ષણ લીધેલા અનેકાનેક કોળીઓ મળી આવે છે. આજે તો ચીજગામ જેવા છેક કાંઠાના ગામોમાથી પણ ૬૦..૭૦ કોળી ગેજ્યુએટો મળી આવે છે. દક્ષિણ ગુજરાતમાં આજે કેટલા કોળીઓ કેવા પ્રકારનું શિક્ષણ મેળવ્યું છે તેના ચોકકસ આધારભૂત આંકડા પ્રાપ્ત નથી, પણ જ્ઞાતિના કેટલાક મંડઓએ કરેલ સર્વેક્ષણ પરથી આપણને તેનો નિર્દેશ મળી રહે છે.

શ્રી તળપદા કોળી પટેલ સમાજ, ઓલપાડ, ચોર્યાસી અને સુરત શહેર મર્યાદિત મંડળે તેના કાર્યક્ષેત્રમાંના ૧૦૬ ગામોમાં એસ. એસ. સી કે એથી વધું ભણેલા નોકરી કરતા કોળીઓનું સર્વેક્ષણ કર્યુ હતું જેનું વિતરણ દર્શાવે છે કે કક્ષા પ્રમાણે જોઈએ તો બહુજન ..૬૦ ટકા કોળી એસ. એસ. સી. સુધીનું શિક્ષણ લે છે. જ્યારે પોસ્ટગ્રેજ્યુયેટ, મેડિકલ કે ઈન્જીનિયરીગ જેવા ઉચ્ચ અભ્યાસો લીધેલા કોળીઓ ખૂબ જ ઓછી સંખ્યામાં મળી આવે છે.

અહી સવાલ એવો ઉપસ્થિત થાય છે કે કોળીઓમાં શિક્ષણ મેળવેલા કોણ ? જમીનધારણનું કદ અને શિક્ષણ વચ્ચે કોઈ સંબંધ છે ખરો? એક પ્રાદેશિક વિભાગ (કાંઠા પ્રદેશ) થી બીજા પ્રાદેશિક વિભાગ (કાળેગામ અને શહેર નજીક) માં શિક્ષણ લેનારાઓમાં જમીન ધારણના કદના સંદર્ભમાં કોઈ તફાવત ખરો? કોણ કેટલી કક્ષા અને પ્રકારનું શિક્ષણ મેળવે છે? એવા કેટલાક પશ્નો તપાસતા, (૧) જમીન ધારણ પ્રમાણે શિક્ષણ પ્રમાણમાં મુખ્ય બે બાબતો સિધ્ધ થાય છે. પાંચ એકર કરતાં ઓછી જમીન ધરાવનારાઓમાં શિક્ષણ પ્રમાણ આછું છે. જેમ જેમ જમીનનું કદ વધતું જાય તેમ તેમ શિક્ષણ પ્રમાણ પણ વધતું જાય છે. (૨) સરખી જમીન ધારણ પ્રમાણનું કદ ધરાવતા જુદા જુદા પ્રદેશમાં પણ શિક્ષણ પ્રમાણમાં તફાવત નજરે પડે છે. શિક્ષણ પ્રમાણ કાળેગામ કરતાં કાંઠાપ્રદેશમાં નિમ્ન કોટિનું છે. શહેર નજીકના કાંઠાપ્રદેશમાં પણ કાળેગામ જેટલું શિક્ષણ નથી. એનો અર્થ એ નીકળી શકે છે કે શિક્ષણ માટે ફક્ત શિક્ષણની સુવિધા પૂરતી નથી.

કોળીકુટુંબમાં જાતી પ્રમાણે સૌથી વધું શિક્ષણનું વિતરણ જોતાં મુખ્યત્વે ત્રણ બાબતોનો નિર્દેશ કરે છે. (૧) પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની શિક્ષણની કક્ષા નીચે રહેવા પામી છે. (૨) જમીન ધારણના કદ અને શિક્ષણ પ્રમાણમાં તફાવત છે. પ્રમાણમાં ઓછી જમીન ધરાવનારા બંને સ્ત્રી..પુરુષોમાં શિક્ષણ પ્રમાણ વધુ જમીન ધરાવનારાઓ કરતાં ઓછું રહેવા પામ્યું છે. (૩) જમીનધારણ કદ શિક્ષણ પ્રમાણને જાતિ સાથે સરખામણી કરતાં જણાઈ આવે છે કે પાંચ ધોરણથી વધુ શિક્ષણ બાબતે દરેક જમીન ધારણ જૂથનો સ્ત્રીઓનું શિક્ષણ પુરુષો કરતા ઓછું રહેવા પામ્યું છે. આજ પ્રમાણે ૬..૧૪ વર્ષનાં સ્ત્રીપુરુષોના શિક્ષણ પ્રમાણ જોતાં સત્રીઓમાં પુરુષોની સરખામણીમાં ભણનારાઓની ટકાવારી ઓછી છે.

**કોળીઓની રાજકીય સ્થિતિ**

પ્રથમ તબક્કામાં કોળીઓની રાજકીય સ્થિતિ સમયગાળો સને ૧૮૮૫ થી ૧૯૨૫. પાછલી સદીના અંતિમ દાયકામાં કેટલાક વિદેશમાં વસતા કોળીઓ અને સ્થાનિક વસતા મોટા ખેડૂતો ઉપલી કોમના રાજકીય પુરુષો સાથે ઘરોબો ધરાવતા હતા. જોકે ચાલુ સદીની શરુઆતમાં કોળીઓ કોગ્રેસ કે રાજકીય પરિસદમાં કોઈ પદ ધરાવતા ન હતા. અપવાદરુપ દક્ષિણ આફ્રિકામાં હિન્દીના હક માટેની ગાંધીજી એ ચલાવેલી લડતમાં આટ ગામના ફકીરાભાઈ નામે કોળી બાપુના અંગત સચીવ હતા. સને ૧૯૦૬ની સાલમાં સુરતમાં જ્યારે મુંબઈ પ્રાતિય કોગ્રેસ રાજદ્વારી પરિષદ ભરવામાં આવી ત્યારે તેમાં ભાગ લેવા કનૈયાલાલ દેસાઈ અને નાનાભાઈ દેસાઈ ૬૦૦ જેટલા પ્રતિનિધી લઈ ગયેલા. તેમાંથી ૩૦૦ જેટલા પ્રતિનિધીઓ ગ્રામ્ય વિસ્તારના હતા. આ ગ્રામ્ય વિસ્તારના પ્રતિનિધીઓમાં મોટો ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના તળપડા કોળીઓ હતા. જેઓ કાનજીભાઈ દેસાઈના ગણોતિયા હતા. આ પછી સને

૧૯૧૦થી ૧૯૪૦ સવતંત્ર આંદોલનમાં દક્ષિણ ગુજરાતના કોળીઓને સાંકળવા માટે સમાજ સુધારણાને નામે ગાંધીવાદી કાર્યકરોએ કોળીઓ વચ્ચે અનેક પ્રવૃત્તિઓ કરી જેમાં કોળીમાં ઉત્તરોત્તર રાજકીય જાગૃતિ આવતી ગઈ.

**રાજકારણમાં કોળીઓના શ્રીગણેશ**

સને ૧૯૨૦ની આસપાસના વર્ષોમાં કેટલાક શિક્ષિતો અને મોટા ખેડૂતો જેઓ બહારના લોકો સાથે પરિચય ધરાવતા હતા તેવાઓમાં રાજકીય પદ માટે 'કોળી પરિષદ' ભર્યાના હેવાલો મળે છે. આ અરસામાં કોળીઓમાં રાજકારણની શું સ્થિતિ હતી તે તા. ૩.૫.૧૯૨૦ના રોજે પ્રથમ કોળી પરિષદ ભરવાની વિચારણા માટે નવસારી કોળી વિધ્યાર્થી આશ્રમના આગેવાનો (સમગ્ર સુરત વિભાગના) ભેગા મળ્યા તેના પ્રવચન પરથી ખ્યાલ આવે છે.

સભાના પ્રમુખ માસા તા. ઓલપાડના સુરત સ્થિત પ્રાથમિક શાળાના હેડમાસ્તર નાથુભાઈ દેવા હતા. રા. પ્રમુખે બેઠક લેતા સભાનો ઉપકાર માન્યા બાદ પોતાના પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું કે.. 'પરિષદની ચળવળ માટેની પહેલી બેઠકની સભામાં હું જણાવી ગયો છું કે નામદાર બ્રિટિશ સરકારે પોતાની પ્રજાને આપેલ રાજકીય હક્કનો અમલ થાય તે પહેલાં આપણી પરિષદ ભરાવી જોઈએ. આ પ્રમાણે કરવાનું કારણ શું છે તેના ખુલાશામાં હું જણાવીશ કે આપણી કોમ વસ્તીની બાબતમાં તો પહેલા નંબરે છે જ પણ બીજી બાબતોમાં ઘણી પાછળ છે. અને તેથી નામદાર સરકારે બક્ષેલા એ હક્ક સરકારી ધારાસભા (કાઉનસીલ) માં બજાવવા આપણી કોમમાંથી તે ભવિષ્યમાં કદાચ કોઈ જાય તો તે બની શકે પણ હાલ તો કોઈ જાય તેવું સંભવતું નથી. પણ જે આપણા દેશનાયકો પ્રજા તરફથી લડત ચલાવવાને ધારાસભામાં બિરાજમાન ઉમેદવાર તરીકે બહાર પડે તો તેમની લાયકાત પ્રમાણે તેમને ચૂટી કાઢવા માટે મત આપવાની સમજદારી આપણી કોમમાં યોગ્ય રીતે આપવા માટે અને પ્રજા સાથે રાજયનો સંબંધ કેવો છે અને શું તેની કોમ જાણીતી થઈ શકે. દેશને અને આપણી સરકારને આપણા ભેગા સમૂહના એકત્ર બળથી દેખાડી આપવાની જરુર છે કે જેમ અમો મોટા સમુહમા છે તેમ અમારો અવાજ પણ મોટો છે. અને રાજ્યને મદદગાર તરીકે અમે જાગૃતિમા અને પ્રગતિમાં એક પ્રજા તરીકે બળ ધરાવી શકીએ છીએ. એ સિવાય શિક્ષણ, સામાજીક તથા સાંસારિક સુધારણા, ઔધ્યોગિક આર્થિક વગેરે ફાયદાકારક બાબતો હાથ ધરવાની છે.

નાથુભાઈએ સને ૧૯૨૧માં 'કોળીજીવન' નામક જ્ઞાતિ માસિકના ફેબ્રુઆરી માસના અંક..૨ માં 'હાલનો સમય અને કોળી કોમ' નામે એક લેખ લખ્યો જેમાં તેમણે રાજકીય બાબતોનો ઉલ્લેખી હતી. જે આ પ્રમાણે હતી..

'હિન્દની પ્રજા રાજ્યપ્રકરણની બાબતોમાં ભાગ લેતી થાય તો બ્રિટિશ સામ્રાજ્ય વધું મજબુત થાય એ હેતુંથી નવા રાજકીય સુધારાની યોજના ઘડી તે પ્રમાણેનો કેટલાંક રાજ્યવહીવટ પ્રજાને સોંપવામાં આવ્યો. એ વહીવટ ચલાવનારને સારા લાયક માણસોને પ્રજાએ ચુંટી મોકલાવવાના છે. એ ચુટવાનો હક કોઈપણ કોમનો ભેદ રાખ્યા સિવાય અમુક રુપિયાનું મહેસુલ કે જમીનનું ગણોત ભરનારને આપવામાં આવ્યો છે. આથી આપણી કોમને રાજ્યપ્રકરણી બાબતમાં હાથ ઘાલવાનો પ્રસંગ એકદમ આવી મળ્યો છે.

આ મળેલા હક્ક કેવી રીતે ભોગવે તે આપણાં જેવી અભણ કોમ કેવી રીતે સમજી શકે અને એ સમજ આપવાને કયા કયા સાધનો કામે લગાડવા તેની સાથે બીજા કયા સુધારાઓ આપણી ન્યાતમાં ઘર કરી બેઠા છે તેને કેવી રીતે દૂર કરવા વિ. બાબતોની ચર્ચા માટે આપણી કોમની પરિષદ ભરવાની ખાસ જરુર છે. તે સંબંધે હીલચાલ શરુ થઈ છે. તેમાં આપણા જીલ્લાના ઘણાં તાલુકાઓના આગેવાનો જોડાયેલા છે અને કામ કરી રહ્યા છે. પરદેશથી પણ પૈસાની મદદ આવવા લાગી છે. તો આપણા જીલ્લાના તમામ કોળી બંધુઓને વિનંતી કરવાની કે આપણી કોમના નીકળતા માસિકમાં આપવામાં આવેલી કોળી પરિષદના સમાચાર વાંચી તેને તન, મન, ધનથી મદદ કરવા યાહોમ કરીને પડે.'

આમ, પ્રથમ તબક્કામાં કોળીઓ કોઈ ઉચ્ચ રાજકીય હોદ્દેદારો નહોતા, પણ એનો અર્થ એવો નહોતો કે તેઓ રાજકીય લાભોથી અજાણ હતા. તેઓમાંના જૂજ ભણેલા શહેરમાં રહેતા કેટલાક નોકરીયાત કોળીઓ રાજકીય બાબતે સભાન પણ હતા.

**બીજા તબક્કામાં કોળીઓની રાજકીય સ્થિતિ..સમયગાળો ૧૯૨૫ થી ૧૯૪૦**

આ તબક્કાના શરુઆતના વર્ષોમાં ગાંધીજીના આદેશથી ગાંધીવાદી કાર્યકરોએ કોળી વિસ્તારોમાં આવીને રચનાત્મક કામો શરુ કર્યા. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના કોળીઓમાં મધનિષેધને નામે કાનજીભાઈ દેસાઈએ આંદોલન સ્વરુપે પ્રવૃત્તિ કરી હતી. જો કે એક અર્થમાં ગત સદીના અંતિમ વર્ષોમાં કેટલાક આગળ પડતા કોળીઓની પ્રવૃત્તિને જ વેગ અપાયો હતો. ખાસ કરીને ઓલપાડ તાલુકાના ઈસનપોર ગામેથી આજથી ૯૦ વર્ષ પૂર્વે મધનિષેધના કામની

શરુઆત થઈ હતી. આ કામ માટે સને ૧૯૪૦ સુધીમાં અનેક ઉપલી કોમના દેશ નેતાઓ કોળી વિસ્તારમાં ઘુમી વળ્યા. આ દેશ નેતામાં કનૈયાલાલ દેસાઈ, ઉમેદ ભજનીક રામ, નરભેરામ બારોટ, પ્રસન્નવદન મહેતા, મીઠુબેન પટીટદ, હિતેન્દ્રુભાઈ દેસાઈ, મોરારજી દેસાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ, દયાળજીભાઈ દેસાઈ, કલ્યાણજીભાઈ દેસાઈ, છોટુભાઈ મારફતીયા, ગોકળદાસ પારેખ, રાવ બહાદુર લાલશંકર, રમણભાઈ મહીપતરામ, વિ. અનેક નાનામોટા રાજકીય અને મહાસભાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઉપલી જ્ઞાતિના લોકો સાથે સંપર્કમાં આવવાની તક મળી હતી.

મધનિષેધની પ્રવૃત્તિમાં દક્ષિણ ગુજરાતના કેટલાક કોળીઓ સક્રિય રસ લેતા હતા. જેમાં.. ઓલપાડ તાલુકાના પોલીસ પટેલ નારણ ડાહ્યા, માસાના હેડમાસ્તર નાથુભાઈ દેવા, મોટા ખેડૂત નાથુભાઈ કેવળભાઈ, સરસના ગોપાળભાઈ હરિભાઈ, ભાડૂતના પ્રમાભાઈ, કરંજના મગનભાઈ, નોગામા તા. ચીખલીના માસ્ટર જીવણજીભાઈ દુલ્લભભાઈ, નવસારીના માસ્ટર પરસોત્તમભાઈ ફકીરભાઈ, ભાઠા તા. ચોર્યાસીના આફ્રિકા સ્થિત વલ્લભભાઈ ગોપાળજીભાઈ, રામપરા તા. બારડોલીના કોન્ટ્રાકટર રામભાઈ, ઘલુડી તા. કામરેજના જીણાભાઈ, ચાંગા તા. ગણદેવીના માસ્ટર કરસનજીભાઈ પી પટેલ વિ. હતા.

મધનિષેધની પ્રવૃત્તિમાં પ્રાદેશીક કક્ષાએ પ્રભુત્વ ધરાવતા અન્ય આગેવાનો સાથે સંર્પકમાં આવેલા આ કોળીઓ પોતપોતાના વિભાગમાં આગવું વર્ચસ્વ ધરાવતા હતા. પરકોમના લોકો પણ તેમને માન આપતા હતા. કેટલાક કોળીઓમાં વ્યાજ (શાહુકારી) નો ધંધો કરનારા હતા. શિક્ષિત હતા. જમીન પ્રમાણ પણ વધું હતું. જુદાજુદા શહેરોમાં હરેલા..ફરેલા હતા. અને જ્ઞાતિપંચમાં અગ્રેસર હતા. જમીનદારો અને શાહુકારો સાથે પણ તેઓને ઘરોબો હતો.

આ તબક્કામાં પ્રાંતિક સરકાર અને સ્થાનિક સ્વરાજ્યમાં ભાગીદારી લેવાની તકો વધવા પામે છે. આ તકોનો લાભ લેવા સને ૧૯૪૦ પછી કોળીકોમના ભણેલા ગણેલા અને બહાર હરી ફરી આવેલા જાગૃત આર્થિક રીતે સમૃધ્ધ વર્ગના કોળીઓ રાજકારણમાં વધુને વધુ સક્રિય થતા ગયા. તા. ૨૪.૧૨.૩૯ ના રોજે મંદિર ગામે જલાલપોર તાલુકો અને તેની આસપાસના ગામોના લોકોની એક સભા (ચાંગા તા. ગણદેવીના) કરસનજી હરિભાઈ પટેલના પ્રમુખપદે મળી એ સભામાં રાજકીય ઉન્નતિ બાબતે ઉલ્લેખ નીચે મુજબનો હતો... કોળી જ્ઞાતિની તા. ૨૪.૧૨.૧૯૩૯ના રોજે મંદિર ગામે મળેલી આ જાહેરસભામાં સંપૂર્ણપણે વિચાર કર્યા પછી એવા મતના છે કે આપણી ગરીબ તથા પછાત ગણાતી જાતિની આર્થિક, સામાજીક તથા રાજકીય ઉન્નતિ સાધવા માટે સંગઠન કરવું જરુરી છે. તે માટે આ સભા જલાલપોર તાલુકો તથા આજુબાજુના દેશી રાજયોના ગામોની કોળીજાતિની એક કાયમી સંસ્થા સ્થાપવી એમ ઠરાવે છે.

સને ૧૯૪૦સુધી કોળીઓમાં કેટલાક તવંગર અને શિક્ષિતોમાં કોળી પરિષદ ભરવા જેટલી જાગૃતિ આવી ગઈ હતી. નવસારી શહેરમાં સને ૧૯૪૦ના મે માસની ૨૬ ને ૨૭ મી એ ભરાનાર સુરત જીલ્લા કોળી પરિષદના તા. ૩૦.૪.૪૦ સુધીમાં નોંધાયેલ સ્વાગત સભ્યોની એક જાહેર સભા 'શ્રી નવસારી કોળી વિધ્યાર્થી આશ્રમ' તા. ૧૪. ૪. ૪૦ના દિને બપોરે ત્રણ વાગે મળી. આ સભા પરિષદના પ્રમુખ તથા જુદાજુદા કાર્યવાહકો તથા કારોબારી ચૂંટણી કરવા તેમજ કારોબારી સમિતિનું કામકાજ વ્યવસ્થિત ચલાવવા માટે નિયમો પસાર કરવા તેમજ અન્ય જરુરી કામકાજ કરવા અર્થે મળી હતી. આ સભામાં એક મહત્વનો ઠરાવ એ હતો કે પરિષદના પ્રમુખ બીજી કોમના ન હોવા જોઈએ પણ આપણી કોળી કોમના જ હોવા જોઈએ.

તા. ૨૬..૨૭ મે ૧૯૪૦ના રોજ સુરત જીલ્લા કોળી પરિષદની એક બેઠક મળી જેના પ્રમુખ વલ્લભભાઈ (ભાઠા તા. ચોર્યાસીના મૂળ વતની અને દક્ષિણ આફ્રિકા સ્થિત મતિયાકોળી) એ કોળીકોમના ભવ્ય ભૂતકાળને ઝાંખી કરી આજના સમયના કોમની પડતી દશાના કારણોની તુલના કરી જેમાં તેમણે આપણી કોમના સંર્દભમાં ઉન્નતિ શેમાં છે ? એવા પ્રશ્નોના જવાબમાં રાજકીય ઉન્નતિની વાતો કરી.

આમ, પ્રથમ તબક્કામાં કોળીઓમાંના કેટલાક શિક્ષિતો અને બહાર દૂરદૂર દેશવિદેશના શહેરોમાં હરેલાફરેલાઓ રાજકીય બાબતે દીર્ધદષ્ટિ ધરાવતા હતા તે આ બીજા તબક્કામાં રાજકીય લાભ લેવા માટે આગળ પડે છે. કોળીઓના આવા જૂથના લોકો બદલાયેલા સંજોગોમાં તેમની કોમની સંખ્યા બળનો લાભ લેવા અંગે આ તબક્કામાં કટિબધ્ધ બન્યા છે. આ અંગે તેઓ ફક્ત જ્ઞાતિના લોકોને એકત્ર કરવાની તકરીબો જ માત્ર વિચારતા ન હતા પણ વાસ્તવિકતા રીતે અમલ કરવાના પ્રયત્નો કર્યા.

**કોળીકોમની રાજકીય સ્થિતિ.. સમયગાળો ૧૯૬૦ થી ૧૯૮૫**

આઝાદ ભારતમાં દરેક પુખ્તવયના ભારતીયને મતાધિકાર મળે છે જેને કારણે ગરીબ અને નીચલી ગણાતી કોમોનું મત આપવા પૂરતું પણ રાજકીય મહત્વ વધવા પામે છે.

બીજી બાજુ કોળીઓમાં પણ આ ગાળામાં કેટલાક મધ્યમ અને મોટા ખેડૂતો સારું શિક્ષણ અને સારી નોકરી ધંધો મેળવીને પોતાની સ્થિતિ સુધારવાને સમક્ષ બને છે. આવા લક્ષણ ધરાવતા કોળીઓ બદલાયેલી પરિસ્થિતિમાં રાજકીય તક ઝડપી લેવા માટે આગળ પડે છે. સને ૧૯૬૪ પછી તો ગુજરાતમાં પંચાયતી રાજ આવતાં ગ્રામ, તાલુકા, જીલ્લામાં રાજકીય તકોમાં અનેકઘણો વધારો થવા પામે છે. ગામ ક્ષેત્રે પંચાયત, સહકારી મંડળી, દૂધ ડેરી, શિક્ષણ સંસ્થાઓ, પિયત મંડળી, કોટન મંડળી, પાકનું વેચાણ કરનારી મંડળી, તાલુકા કક્ષાએ પંચાયત, જીલ્લા કક્ષાએ ધારાસભા, લોકસભા, રાજસભા, વિ. વિવિધ ક્ષેત્રમાં સભ્યથી માંડીને પ્રમુખ..મંત્રી બનવા સુધીની તકો ઉભી થવા પામે છે. જે પહેલાં ઉપલી કોમનો ઈજારો થઈ પડયો હતો તેમાં હવે કોળીઓ બટવારો કરતા થયા. દરેક ક્ષેત્રમાં કોળીઓ વધુ ને વધુ ઉમેદવારી કરવા લાગ્યા. કેટલાક કોળી ભદ્રવર્ગના સભ્યો પોતાની કોમના સંખ્યાબંધ રાજકીય બાબતે લાભ જ્ઞાતિ સંગઠનો નામે પ્રવૃતિ કરવા આગળ આવ્યા. સને ૧૯૭૯ પછી કોળીઓમાં તાલુકા, જીલ્લા, રાજ્ય કે તેથી આગળ વધીને અખિલ ભારત કક્ષાના જ્ઞાતિ મંડળો બનાવવાની પ્રવૃત્તિએ જોર પકડયું. આ મંડળો જ્ઞાતિ ઉતકર્ષની પ્રવૃત્તિના ભાગરુપ રાજકીય બાબતો અંગે પણ ઠરાવો પાડી યોગ્ય રજુઆત કરતા રહ્યા છે. 'અમને(કોળી સમાજને) રાજકારણમાં અન્યાય થાય છે' 'કોળી કોમનો મિનિસ્ટર હોવો જોઈએ' 'રાજ્યસભામાં કોળીજ્ઞાતિના ઉમેદવારને બે બેઠકો ફાળવવી જ જોઈએ' વિ. માંગણીઓ કોળી આગેવાનો સમગ્ર કોળી સમાજની જ્ઞાતિહીતના નામે કરી રહ્યા છે.

જ્ઞાતિહિતના નામે કરાતી આ માગણીઓમાં જ્ઞાતિના ગરીબ સભ્યોના હિતનું જતન કે સંવર્ધન થાય છે તે અલગ તપાસનો વિષય છે. પણ અહિ એટલું જરુર કહી શકાય કે જ્ઞાતિ સંગર્ધની આ પ્રવૃત્તિનો પડઘો લાગતાવળગતા સમક્ષ જરુર થવા પામ્યો છે જેને લીધે આજના હરિફાઈયુક્ત રાજકારણમાં કોઈપણ રાજકીય પક્ષને કોળી જેવી બહુસંખ્યક જ્ઞાતિની અવગણના કરવી પાલવે એમ નથી.

પરિણામરુપે કોળીજ્ઞાતિને પણ પ્રત્યેક ચૂટણીમાં વધુ ને વધુ બેઠકો આપવાનું વલણ સ્પષ્ટ છે. કોળીઓ આજે રાજકારણમાં મહત્વના જૂથ તરીકે વિકસી રહ્યા છે. કોળીઓના ગુજરાતના રાજકારણમાં મહત્વના જૂથ તરીકે ઉપસી આવવાના આ વલણને ટાઈમસ ઓફ ઈન્ડિયાના પત્રકાર લોકેશરાવે પણ નોંધ લીધી છે. જોન બ્રેમેનનું માનવું પણ આવું હતું. તેઓ કહે છે કે 'દક્ષિણ ગુજરાતના મેદાની પ્રદેશમાં કોળીઓ સામાજિક ક્રમમાં ઉપર ઉઠી રહ્યા છે. તાજેતરના દાયકાઓમાં કોળીઓ તેની સ્થિતિ સુધારી શક્યા છે. ખેતી સિવાય પણ બધા ધંધાઓમાં કોળીઓનું પ્રમાણ અને શિક્ષણમાં વધારો થયેલો જણાય છે.'

**કોળી રાજકારણમાં**

પંચાયતી રાજના અમલ પછી ગ્રામ્યસ્તરથી માંડીને કેન્દ્ર સુધીના દરેક સ્તરે કોળીઓની રાજકીય ભાગેદારી વર્ષોવર્ષ વધતી રહી છે. જે તકો આઝાદી પૂર્વે તેઓને ઉપલબ્ધ ન હતી તે હવે આઝાદ ભારતમાં શક્ય બની છે.

સને ૧૯૬૦ પછી દક્ષિણ ગુજરાતના કોળીઓ કેવા કેવા પ્રકારનું રાજકીયપદ ધરાવે છે તે વિશે જ્ઞાતિમાસિકોમાંથી કેટલીક માહિતી અહી સંયોજિત સૂચી જોતા કોળીઓમાં આજે રાજકારણ વધુ વૈવિધ્યવાળું બન્યું છે. આજે તેઓમાં રાષ્ટ્રીય કક્ષાથી માંડીને ગ્રામ કક્ષા સુધીનો વિવિધ રાજકીય પદ ધરાવનારા મળી આવે છે. જો કે બહુજન કોળી રાજકીય પદ ધરાવનારા ગામ કે તાલુકા કક્ષાથી વિશેષ જઈ શક્યા નથી.

ભવિષ્યમાં રાજકીય બાબતે કોળીઓનું સ્થાન વધે તો નવાઈ નહી. આજે દરેક પક્ષે કોળીઓને વત્તા..ઓછા પ્રમાણમાં ટિકિટો આપીને ગણના કરવા માંડી છે. જેને કારણે આજે રાજકીય પદ માટે કોળી..કોળી વચ્ચે સ્પધા થવા લાગી છે. આજે માત્ર કોળી પુરુષો જ નહી પણ કોળી સ્ત્રીઓ પણ રાજકારણમાં ભાગ લેતી થઈ છે.

સને ૧૯૬૭માં ધારાસભ્ય તરીકે ગુજરાતમાંથી ૫ કોળી હતા તે સને ૧૯૭૨માં ૧૬ થયા અને સને ૧૯૮૦માં ૪૦ કોળી ઉમેદવારોમાંથી ૧૫ અને ૧૯૮૫માં ૪૦ કોળી ઉમેદવારોમાંથી ૧૬ થયા. આજે કોળીઓમાં વિવિધપક્ષની વિચારસરણીમાં માનનારાઓ મળી આવે છે. રાજકારણના ક્ષેત્રમાં કોળીઓની ભાગેદારી પ્રતિવર્ષ વધતી રહી છે એ વાત સાચી પણ કોળીમાં રાજકીય હોદો ધરાવનારા કોણ? અર્થાત કોળી રાજકીય હોદેદારોના સામાજિક આર્થિક લક્ષણો શા? આ સવાલના સંર્દભમાં અહિ આઝાદી પૂર્વે અને આઝાદી બાદ કોળી રાજકરણીની રુપરેખાનું પૃથકકરણ દર્શાવે

છે કે કોળીઓ ઉપલા મધ્યમ વર્ગના છે જેઓએ શિક્ષણનો લાભ મેળવ્યો છે તેવાઓએ રાજકારણનો પણ લાભ લીધો છે. આમ બદલાયેલા સંજોગોમાં કોળીઓના અંદરોઅંદર અર્થ સામાજિક પ્રયાય પર અંતર વધુ તીક્ષ્ણ બનતું જાય છે જેથી એક જ્ઞાતિ તરીકેની એકતા પર કાપ <u>પડયો</u> છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★